

# અધ્યાત્મ

વર્ષ : ૨૧
ફેબ્રુઆરી–૨૦૦૦
અંક : ૫

## * જગત સુધાર *

જગતના સુધાર માટે મારો દૃષ્ટિકોણ નિરાશાવાદી નથી. જગતના સુધાર માટે થનારા સઘળા પ્રયત્નો પ્રશંસનીય અને આવકારદાયક છે. આપણું અને સૌનું કર્તવ્ય માનવ તરીકે બીજાને ઉપયોગી થવાનું છે. એ કર્તવ્યનો અનાદર કેવી રીતે કરી શકાય? એના પ્રત્યે આંખ મીંચામણાં કરવાને બદલે એનું જેટલું પણ પાલન કરી શકાય એટલું કરવા માટે તૈયાર રહેવાનું છે. બીજાની સેવા તથા સુધારણાના નાના-મોટા બધા જ પ્રયાસો અધૂરા રહેશે તોપણ તદ્દન નિષ્ફળ તો નહીં જ જાય. એવા પ્રયત્નો કરનારને કર્તવ્યના પ્રામાણિક પાલનનો સંતોષ સાંપડશે. બધા જ માનવો પોતાની જાતને એવા પ્રામાણિક કર્તવ્યપાલનમાં લગાડી દે તો સંસારનું સ્વરૂપ મોટા પ્રમાણમાં સુધરી જાય. જગતના સુધારની ચિંતા કેવળ ઈશ્વરને શા માટે સોંપવી? સમાજ, રાષ્ટ્ર અને સંસાર પ્રત્યે માનવની પોતાની પણ જવાબદારી છે. ઈશ્વર પોતે તો જે કાંઈ કરવાનું હશે તે કરશે જ, પરંતુ માનવે પણ પોતાની રીતે કાંઈક કરી છૂટવું જોઈએ. એ પોતાના કર્તવ્યને ભૂલીને સાધન સામગ્રી અને શક્તિ હોવા છતાં લમણે હાથ મૂકીને અકર્મણ્ય કે પ્રમાદી બનીને બેસી રહી શકે નહીં. સેવાનો કલ્યાણકારક સેવાયજ્ઞ ક્ષણે ક્ષણે ને સ્થળે સ્થળે ચાલુ રહે અને સર્વત્ર પોતાની સુવાસ પ્રસરાવે એ આવશ્યક છે. સંસારમાં આજે જે થોડુંક પણ સત્ત્વશીલ, શુભ અને સુંદર દેખાય છે તે એવા પરગજુ 'પરહિતસરસિ ધરમ નહીં ભાઈ'ની ફીલસૂફીમાં માનનારા કલ્યાણમૂર્તિ સેવાવીરોને જ આભારી છે.

યોગેશ્વરજી

RNI No. 26/267/99 R – II

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| માઉન્ટ આબુ પર પૂ. શ્રી અને પૂ. મા સાથે પ્રથમ મુલાકાત | વિજયભાઇ પુરોહિત (બાપજી) | ૧૦ |
| પ. પૂ. શ્રી રણછોડદાસજીના જીવનના પ્રેરક પ્રસંગો | ઈશ્વરભાઇ ભક્ત (પરમાથી) | ૧૬ |
| સેવામૂર્તિ શ્રી બાબુભાઇ | મા સર્વેશ્વરી | ૨૨ |
| પૂજાનાં ફૂલ | યોગેશ્વરજી | ૨૯ |
| નારદભક્તિસૂત્ર | મહાત્મા યોગેશ્વરજી | ૩૧ |
| આરોગ્ય અને માનસશુદ્ધિ | ડો. ઉમાકાંત જે. જોષી | ૩૩ |
| નાનો દીવો | યોગેશ્વરજી | ૩૬ |
| એટલું આપજે | સર્વેશ્વરી | ૩૭ |
| My Impressions of Calagary | Neelam | ૨૯ |
| કેલગરી શિબિર વિષે મારું મંતવ્ય | તંત્રી | ૪૪ |
| સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ | યોગેશ્વરજી | ૪૮ |
| Sarweshwari–Maa My Mother | Pooja B. Trivedi | ૫૩ |
| મારાં પૂ. મા સર્વેશ્વરી | તંત્રી | ૫૬ |
| ગીતાદર્શન | યોગેશ્વરજી | ૫૯ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ ફેબ્રુઆરી–૨૦૦૦ અંક : ૫

# શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૨૫–૭–૮૧, શનિવાર, આષાઢ વદ આઠમ, ૨૦૩૭,**

**સ્થળ : વડોદરા.**

મોડી રાત્રે પૂ. શ્રી ધ્યાનમાં બેઠા છે. પછી સર્વેશ્વરી ઊઠે છે. એટલે સર્વેશ્વરી બહાર વરંડામાં હીંચકો છે, ત્યાં બેસીને પોતાના જપ ૧ કલાક કરે છે. પછી અંદર આવે છે. થોડી જ વારમાં પૂ. શ્રી પણ ધ્યાનમાંથી જાગૃત થઇ આંખ ખોલે છે.

સર્વેશ્વરીને પૂછે છે. હીંચકા ઉપર બેસીને જપ કર્યા? સર્વેશ્વરી હા કહે છે, પૂ. શ્રી એના અનુસંધાનમાં કહે છે.

હીંચકા પર બેસીને તો શોખ થાય. તે તપ ન કહેવાય. હીંચકા ઉપર બેઠા હોઇએ ને ધ્યાનમાં મન એકાગ્ર થઇ જાય તો પડી પણ જવાય. એટલે શોખ માટે બેસવું હોય તો હીંચકા પર બેસવું

પણ જપ વિગેરે કરવા હોય તો નીચે જ સારી રીતે બેસવું.

આ વાતચીત ચાલતી હતી ત્યાં જ દૂર ગાડીની વ્હીસલનો અવાજ ને એન્જિન ચાલુ થયાનો અવાજ શરૂ થયો. અહીંથી રેલ્વે સ્ટેશન ઘણું નજીક છે. પૂ. શ્રીએ ગાડીનો અવાજ સાંભળીને કહેવા લાગ્યા.

જુઓ આ ગાડી ચલાવનાર ડ્રાઈવરને નિદ્રા પર કેવો વિજય હોય છે. જરા ગફલતમાં રહે તો હજારો મુસાફરોના જાન જોખમ-માં. કેટલી બધી જાગૃતિપૂર્વક ગાડી ચલાવવી પડે છે. સાધક પણ એ રીતે જીવનની ગાડી ચલાવવામાં જાગ્રત બની જાય તો! નિદ્રા પર વિજય મેળવી લે તો જીવનની ગાડી સફળતાથી ચાલ્યા જ કરે.

આવો વાર્તાલાપ મધ્યરાત્રિએ પૂ. શ્રીએ આપ્યો. યોગીને રાત-દિવસ તો સરખા જ છે ને? સાથે રહેનારને દિવસરાત સત્સંગ-ની, જાગૃતિની જ વાતો સાંભળવા મળ્યા કરે, એ પણ કેવું સદ્-ભાગ્ય ગણાય!

સવારે બધાં જ કાર્યો પૂ. શ્રી દરરોજની જેમ નિયમિત કરે છે. લેખનકાર્યમાંથી નિવૃત્ત થઈ થોડો આરામ કરે છે. પણ આરામ-માં પણ સાથે માળા તો હાથમાં ફરતી જ હોય છે. સમયસર દ્વાર ખુલી જાય છે. પણ તે પહેલાં મુંબઈથી ફોન આવતાં. પૂ. શ્રી ત્રણેક મિનિટ માટે દાદર પાસે બહાર આવે છે. વળી પોતાના સ્થાને ફરી જાય છે.

સમયસર ભોજન લેવાનું બને છે. આજકાલ પૂ. શ્રી બાજરા-નો રોટલો ને ખીચડી કઢીના ભોજનને પસંદગી આપે છે. ભોજન પછી મુલાકાત શરૂ થાય છે.

મુલાકાતમાં ૭, ૮ ભાઈબેનો આવે છે. શરૂઆતમાં અન્ય ચર્ચા



થાય છે. ત્યાં વળી ગાયત્રી નામની નાનકડી બેનને પૂ. શ્રી ભજન ગાવાનું કહે છે. ભજન ગવાયા બાદ શ્રી વિજયભાઈ પુરોહિત પાસે બ્રહ્માનંદનું એક ભજન સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરે છે. જેથી તેમણે "નજર ભર દેખલે મુઝકો, શરણ મેં તેરી આયા હું" એ ભજન ભાવથી ગાયું ને ગવડાવ્યું.

ત્યાં વળી પૂ. શ્રીને જ ભજન ગાવાની ઈચ્છા થઈ 'અભીપ્સા' ભજન સંગ્રહમાંથી એક ભજન ગાઈ સંભળાવ્યું.

"આવો આવો સદ્‌ગુરુ દ્વારે મારે પ્રેમથી રે."

સૌએ ખૂબ પ્રેમપૂર્વક ઝીલ્યું. ત્યાં વળી એક ગઝલ સંભળાવી.

"વિખૂટાં પડયાં દિલોને, જલ્દી હવે મિલાવો."

અને એ ગઝલ ગવડાવતાં ગવડાવતાં પૂ. માતાજીની સ્મૃતિ થઈ.

પૂ. શ્રીનું એક ગીત જે સાંભળતા પૂ. માતાજી ખૂબ ભાવ-વિભોર બની આંસુ વહાવતાં—એ ગીત પણ પૂ. શ્રીએ સંભળાવ્યું.

"આ જીવનના પુણ્યપ્રવાસે એકલ આવી, એકલ જાવું"

પૂ. શ્રીના શ્રીમુખે ત્રણ ગીતો ભાવથી ગવાયાં. શ્રોતાઓને સામાન્ય લાગતાં ગીતો પણ પૂ. શ્રી તો હંમેશા ભાવથી જ ગાતા હોય છે. જેથી શ્રોતાઓ તલ્લીન બની જાય છે.

સમય થતાં સૌ વિદાય થયા. પૂ. શ્રીએ આજે સાત જેટલા પત્રોના જવાબો લખાવ્યા. પછી થોડો આરામ કરતાં કરતાં પેપર જોઈ ગયા. પછી વળી લેખનકાર્ય ૪–૦૦ વાગ્યા સુધી કર્યું.

સમયસર દ્વાર ખૂલ્યું તે પહેલાં સુરતથી આવેલા શ્રી ભટ્ટ પૂ. શ્રીને મળીને વિદાય થયા.

ભાવિક ભાઈબેનો આવવા માંડયા. સૌ પ્રણામ કરીને બેસે છે. પૂ. શ્રીએ આજે ગીતાના ૧૦ ને ૧૨ માં અધ્યાયોનો પાઠ

કરવાની સૂચના આપી જેથી સૌએ તે બંને પાઠ શાંતિથી કર્યા. ત્યાર બાદ એક ભાવિક ભાઇ "વરદ હસ્ત પ્રભુ તમારો" ખૂબ ભાવથી તથા બુલંદ સ્વરે ગવડાવે છે. સૌ એ ભજનને પ્રેમથી ઝીલે છે. વળી શ્રી વિજયભાઇ રાણા "આજ અહીં આવ્યો રે મોહન ગિરધારી" ભજન ગવડાવે છે.

પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** સકામ અને નિષ્કામ ભક્તિ એટલે શું? ભગવાન પાસે માંગવું એ યોગ્ય છે?

**પૂ. શ્રી :** બાળક 'મા' પાસે માંગે જ છે ને! મા–બાપ બધી જરૂરિયાત પૂરી પાડે છે. છતાં બાળક માંગે જ છે. બાળક ચંપલ માંગે, ફ્રી માંગે, માંગ્યા વિના રહે જ નહિ. મા–બાપ સમય પર બધી જ જરૂરિયાત પૂરી પાડે છે. છતાં બાળક માંગે છે.

એ રીતે પ્રભુ અંતર્યામી છે. એને આપણી બધી જ જરૂરિયાતની ખબર છે. પણ જીવનો સ્વભાવ છે. માંગવાનો. તમારા સુખની, તમારા દુઃખની, તમારી નાનીમોટી દરેક જરૂરિયાત પ્રભુને જણાવો. ભગવાનને તમે જણાવશો એટલે ભગવાનને કંઇ ખોટું કે ખરાબ નહિ લાગે. ખોટું લાગે તો તે ભગવાન જ ન કહેવાય.

એ બધું માંગવું પછી તે લૌકિક હોય કે પારલૌકિક પણ તેવી ભક્તિને સકામભક્તિ કહેવાય, પણ જેને ધન, વૈભવ, સ્ત્રી, સંતાન, ઐશ્વર્ય, સ્વર્ગ, કે વૈકુંઠની પણ કામના નથી તેવી ભક્તિ તે નિષ્કામ ભક્તિ–જેમાં ભક્ત ફક્ત ભગવાનને જ માંગે.

પ્રહ્‌લાદની નિષ્કામભક્તિ હતી. એમણે પ્રભુ પાસે માંગ્યું. નાથયોનિ સહસ્રેષુ...ગમે તે યોનિમાં રહું પણ પ્રભુ તમારું સ્મરણ રહે, તો ધ્રુવજીની સકામ ભક્તિ હતી. ધ્રુવજીને રાજ્યની પણ ઇચ્છા હતી.



**પ્રશ્ન :** આત્મા અને મન વચ્ચે શો ફેર છે?

**પૂ. શ્રી :** શેઠ અને નોકર જેટલો. શેઠ એ નોકર નથી તો નોકર એ શેઠ નથી. નોકર શેઠનો છે. શેઠ નોકરના નથી.

એ રીતે મન જડ છે. પણ તે આત્માની શક્તિથી ચાલે છે. અને આત્મા એ શરીરમાં રહેલી ચેતનશક્તિ છે. જેનાથી સમગ્ર ઇન્દ્રિયો, મન, બુદ્ધિ બધાં જ કામ કરે છે.

જેમ કરન્ટથી આ બલ્બ, માઇક કામ આપે પણ કરન્ટ બંધ થતાં તે કામ આપતાં નથી, તે રીતે આત્મા હોય તો મન, બુદ્ધિ, ઇન્દ્રિયો કામ કરે. આત્મા ન હોય તો ધબો નારાયણ બધું જ.

શ્રી કુંદનબેન રાણા એક શબ્દનો અર્થ ઉપનિષદમાં છે? એમ પૂછે છે. પૂ. શ્રી ના પાડે છે. એ ઉપરથી ઉપનિષદની વાત નીકળી છે.

પૂ. શ્રીએ ૧૯૪૭ માં લખેલા ઉપનિષદના શ્લોકોનું ગુજરાતી કવિતામાં ભાષાંતર યાદ કરે છે. ૧૯૪૭ ની એ કૃતિ આજે પણ પૂ. શ્રી ને કંઠસ્થ છે. જેથી તેઓશ્રી ગાવા માંડે છે. સૌ ઝીલે છે.

મંગલમય છે પરમાત્માનું, પ્રથમ નામ ૐકાર સ્મરું.
પછીથી પરમ જ્ઞાન ભરેલી, મંગલ એવી કથા કહું.

(સૌ ખૂબ તાલબદ્ધ રીતે ઝીલે છે. કોઇ કોઇ હાથથી તાલ પણ આપે છે. પૂ. શ્રી વચ્ચે વચ્ચે સમજાવે છે.)

અરૂણ નામ એક મહર્ષિ, યજ્ઞ દાનમાં શ્રેષ્ઠ હતા.
અન્નદાન તે દેતા ખૂબ જ, તેથી કીર્તિ ઘણી લભતા.
વાજશ્રવા કહેવાતા તે, તેનો ઉદ્દાલક તે પુત્ર.
અન્નદાન આપીને તેણે, પિતાનું ચાલુ રાખ્યું સૂત્ર.
દક્ષિણા પછી દેવા માટે, ગાયો લાવો એમ કહ્યું.
પરંતુ એ ગાયો દોહેલી, ખાધેલી ને પીધેલી.

ઇન્દ્રિય નષ્ટ થયેલી એવી, હતી મૃત્યુથી બીધેલી.
નચિકેતા નામે એ ઋષિનો, પુત્ર હતો ત્યાં આવેલો.
એને દાન ગમ્યું ના એવું, બોલ્યો તે શોકિત જેવો.
પ્રિયમાં પ્રિયનું દાન કહ્યું છે,
ખરાબનું ના દાન કહ્યું.

દાન આપો તો શ્રેષ્ઠ આપો, ગમે તેવા દાનથી દાન આપનાર-નું પણ કલ્યાણ થતું નથી ને દાન લેનારને પણ સંતોષ થતો નથી.

એથી એણે ફરી કહ્યું,
પિતાજી મને કોને દો છો?
પ્રિય તો હું જ તમારો છું.

માતાપિતાને સૌથી પ્રિય પોતાનું સંતાન જ હોય છે. કેટલીક બાધાઆખડી, માન્યતા, જોશી, ભૂવાઓને ત્યાં જઇને એ બાળક મેળવે છે. તેથી તે જ પ્રિય લાગે છે.

પણ સંતાનો પણ સારા હોય તો સારું, નહીં તો થાય કે લગ્નજીવનમાં જ પ્રવેશ ન કર્યો હોત તો સારું. લગ્નજીવનમાં તો પ્રવેશ્યા પણ એમાં જ મગન ન રહ્યા હોત તો સારું. મગન રહ્યા ને એમાં વળી આ છગન ન હોત તો સારું, ને આ છગન એ સદા અગન આપે એવો નીકળ્યો, એટલે અંતે તે કહે, "પ્રભુ, આ બધું દુઃખ જોવું એના કરતાં મને લઇલે તો સારું."

પુત્રો હોય પણ તે સારા હોય તો સારું.

ભાગવતમાં ધુંધુકારી વિચિત્ર સંતાન હતો અને એનો જ ભાઇ ગોકર્ણ સારો હતો. વ્યાભિચારી, દારૂડિયો થયો એનાથી કંટાળી મા–બાપે આપઘાત કર્યો, ધુંધુકારી જે વેશ્યાઓની સંગમાં હતો તેઓ સમય જતાં વિપરીત થઇ.

કામથી માનવ નાનો થાય, પ્રેમથી માનવ મોટો થાય, વેશ્યા-



ઓએ ધુંધુકારીની આંખો ફોડી કૂવામાં નાંખ્યો. ધુંધુકારી મૃત્યુ પામતાં પ્રેત બન્યો.

જ્યારે એનો ભાઇ ગોકર્ણ ગાય જેવો નમ્ર નાનપણથી જ તીર્થયાત્રા કરવા નીકળેલો. વરસો પછી ઘરે આવ્યો તો જાણ્યું કે ધુંધુકારીનું મૃત્યુ થયું છે. ગોકર્ણને સ્વપ્નમાં ધુંધુકારી પોતાને મુક્ત કરવાની વિનંતી કરે છે. એટલે ધુંધુકારીની મુક્તિ માટે ગોકર્ણે ભાગવત વાંચ્યું.

એક જ વૃક્ષનાં બે ફળ, એક સારું ને એક ખરાબ, દરેક જીવ પોતે પોતાના સંસ્કારો લઇને આવે. બે સગા ભાઇ હોય પણ બંને-ના સ્વભાવ, સંસ્કાર જુદા જુદા હોય છે.

ભગવાનની કથા સાંભળી પ્રેતયોનિમાંથી ધુંધુકારી દિવ્યાત્મા બની ગયો.

હવે કોઇ પ્રશ્ન છે?

અરે, માનવ જ પ્રશ્ન સ્વરૂપ છે ને!

સૌ શાંતિથી એકચિત્તે આ અમૃતવાણી સાંભળી રહ્યા છે. જાણે સૌના પ્રશ્નો શાંત ન થઇ ગયા હોય!

સૌ શાંત જ હતાં જેથી પૂ. શ્રીએ સર્વેશ્વરીને ગુરુસ્તુતિ બોલવાનું કહ્યું. સૌને સ્તુતિના છાપેલા કાગળો વહેંચવામાં આવ્યા. સૌએ સમૂહમાં સ્તુતિનું ગાન કર્યું. બે ભજનો પણ સર્વેશ્વરીએ ગવડાવ્યાં. વળી ૧૫ મિનિટ ધૂન પણ ગવડાવી.

કાર્યક્રમ પૂર્ણ થયો અને પૂ. શ્રીએ આવતી કાલે અમે અહીં નથી એવી વાત કરી સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ ભોજન લઇ લીધું. ભોજન બાદ શ્રી જીતુભાઇ સાથે વાતો આવતી કાલ અંગેની કરી લીધી, પછી આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

માઉન્ટ આબુ પર પૂ. શ્રી અને પૂ. મા સાથે

# પ્રથમ મુલાકાત

વિજયભાઇ પુરોહિત (બાપજી)

૧૯૮૧ ના જૂન મહિનામાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી માઉન્ટ આબુ થોડા દિવસો આરામ માટે પધારવાના છે તેની જાણ શ્રી બાબુભાઇ વોરાએ અમને પત્રથી કરી. તે માટેની સૂચના પૂ. મહાત્માજીએ આપી હતી. અમને જાણ કરવા પાછળ પૂ. શ્રી અને પૂ. માનો ઉદ્દેશ એ હતો કે અમોને આબુ પર્વત પર તેઓશ્રીના દર્શન અને સત્સંગનો લાભ મળે. વળી અમે તેઓનું વિશેષ સાન્નિધ્ય પણ પામી શકીએ.

પાલનપુરથી માઉન્ટ આબુ નજીક એટલે આવા દિવ્ય લાભના સમાચાર પૂ. મા–પ્રભુએ સામેથી આપ્યા, તેનો આનંદ અમને ઘડીભર એટલો થયો કે અમે ખરે જ નાચી ઊઠયા. અમારા અંતરમાં આનંદની હેલી ચઢી. પૂ. શ્રી અને પૂ. માનું આવું સાન્નિધ્ય અમે જીવનમાં પહેલી વાર જ પામી રહ્યા હતા. પ્રભુની અને પૂ. મા–પ્રભુની અસીમ કૃપા વિના સામેથી આવી તક જીવનમાં ભાગ્યે જ મળે.

પૂર્વજન્મના કોઇ સંસ્કારોને લીધે પ્રથમ દર્શને જ અમોને પૂ. મહાત્માજી પ્રત્યે જે સહજભાવ જન્મ્યો તે અલૌકિક હતો. થયું કે આ મહાન સિદ્ધ પુરુષ છે ને પૂ. મા સર્વેશ્વરી તેઓનાં પરમ આરાધ્યા–મા જગદંબા જ છે. મનુષ્ય શરીરધારીઓ પ્રત્યે આવો દિવ્ય અને અલૌકિક ભાવ આપોઆપ કેમ થયો, તેની સમજ મને



તે વખતે ન પડી. પરંતુ મારો એ ભાવ બીજાઓને કેવી રીતે સમજાવી શકું? એ મારી આંતરિક અનુભૂતિ હતી. બીજાઓના સ્વીકાર–અસ્વીકાર સાથે મારે કોઇ નિસ્બત ન હતી.

મળેલ સૂચના પ્રમાણે અમે આબુ પર્વત પર તા. ૭–૬–૮૧ ના રોજ બપોરે પહોંચી ગયા. માઉન્ટ આબુ એ તો દેવભૂમિ–જેમ હિમાલય તપોભૂમિ ગણાય તેમ આ દેવભૂમિમાં અનેક દેવ–દેવીઓનાં મંદિરો. આવી ભૂમિમાં પૂ. શ્રી અને પૂ. માના સત્સંગ માટે અમારે આવવાનું થયું–તેનો આનંદ અમારા દિલમાં સમાતો ન હતો.

અમારા આવા બધા ભાવોને અંતરમાં રાખી પૂ. શ્રી અને પૂ. માના ઉતારે અમે પહોંચ્યા. અમને જણાવેલું કે તેઓનો ઉતારો મજૂર મહાજન ગેસ્ટ હાઉસમાં છે. પરંતુ ત્યાં તો શ્રી બાબુભાઇ અને એમનાં પત્ની મધુબેન હતાં, જ્યારે પૂ. શ્રી અને પૂ. માનો નિવાસ પાસેની હોટેલમાં હતો.

પૂ. શ્રી ખાસ તો આરામ માટે પધારી રહ્યા હતા. હાર્ટ એટેક પછી તેઓએ અમદાવાદની ધ્યાન–સાધના શિબિર કરી, તેનો થોડો વધુ પરિશ્રમ પણ પડેલ. એટલે અહીં આરામ વિશેષ અને પ્રવૃત્તિ ઓછી એ લક્ષ્ય હતું.

પૂ. શ્રીનો નાના ગેસ્ટ હાઉસ જેવો આ ઉતારો સાદો અને સ્વચ્છ હતો. અમે જ્યારે શ્રી બાબુભાઇ અને પાલનપુરથી આવેલ અન્ય ભાઇઓ સાથે પ્રવેશ્યા ત્યારે પૂ. શ્રી શાન્તિથી પલંગ પર બેઠા હતા. મુખ પર મધુર સ્મિત સાથે તેઓશ્રીએ અમારો સત્કાર કર્યો પૂ. માએ પણ હસતા વદને તેઓશ્રીના આ મૌન પ્રેમપૂર્ણ આવકારનો સ્વીકાર કરતા–અમે સામે નીચે જમીન પર પ્રણામ

કરીને બેઠા. અમારી નજર એ શાંત, સૌમ્ય, મધુર ને મોહક સ્વ-રૂપનાં દર્શન કરવા લાગી ગઇ. પૂ. શ્રીની એ મૂર્તિ–સ્વયં શાન્તિ અને મધુરતાનું જીવંત સ્વરૂપ ધારણ કરીને બેઠી ન હોય એવી આકર્ષક મને લાગી રહી.

પૂ. મા કંઇક કામમાં વ્યસ્ત હતાં. કિન્તુ તેઓ પૂ. શ્રી માટે જ કામ કરી રહ્યાં હતાં તેમાં તેઓની અતિ ચપળતા છતી થતી મને દેખાઇ. પછી પૂ. શ્રીએ પાલનપુરથી આવનાર ભાઇઓ સાથે વાતચીત શરૂ કરી. પાલનપુરથી અમારી સાથે બાંધકામ ખાતાના શ્રી અરવિંદભાઇ પણ હતા.

શ્રી અરવિંદભાઇ શાહે પોતાની બઢતી અને ડેપ્યુટી એન્જીની-યર તરીકે બદલી થઇ છે તેની વાત કહી. રાજપીપળા બદલી થઇ છે, તે જાણતાં પૂ. શ્રી કહે "ત્યાં તમને ફાવશે." તે પછી પૂ. શ્રીએ કહ્યું. કોઇને કાંઇ પૂછવું હોય તો પૂછો. શ્રી રેવાશંકરભાઇ કહે– પ્ર.–બ્રહ્માકુમારીના મ્યુઝીયમમાં બોર્ડ લગાવેલું છે કે, "ઈશ્વર સર્વ-વ્યાપક નથી"–તો એ સાચું છે? પ્રભુશ્રીએ આવો જવાબ આપ્યો. પૂ. શ્રીએ ગીતા અને અન્ય શાસ્ત્રોનાં વચનો કહીને, ઈશ્વરની વ્યાપકતાની પુષ્ટિ કરી. સાથે સાથે વૈજ્ઞાનિક દૃષ્ટાંતો આપ્યાં. જેમ કે હવા વ્યાપક છે (દેખાતી નથી–છતાં છે.) રેડીઓનાં મોજાંઓ વિગેરે પણ વ્યાપક છે. (અવાજરૂપે વ્યાપક છે.) એવા અનેક દૃષ્ટાંતો સમજાવી કહ્યું. ઈશ્વની વ્યાપકતાને અનુભવવા, મન–બુદ્ધિરૂપી સાધનો, એ વ્યાપકતા પકડાય તેવાં યોગ્ય બનાવવાં પડે. જેમ જીવાણુઓને જોવા માટે સૂક્ષ્મદર્શક યંત્ર જોઇએ તેમ.

પાલનપુરથી આવેલા ભગવાનદાસે કહ્યું–શ્રી રજનીશજી પર-દેશ ચાલ્યા ગયા. ભારત છોડીને–એ યોગ્ય કહેવાય? પ્રભુશ્રીએ



કહ્યું એટલું યાદ રાખો કે તમારે શું કરવું છે? તમને શું (કયું સાધન) અનુકૂલ લાગે છે? બાકી આ જગતમાં હજારો પ્રકારના માણસો છે. અને તેમની રુચિ અને સમજ પ્રમાણે અનેક દુકાનો (ધર્મ–સંપ્રદાયના વાડાઓ) ચાલે છે. જેને પણ પરમીટ મળી જાય તે પોતાની દુકાન ખોલે છે, અને તેવા માણસોય મળી રહે છે.

સ્વામી શ્રી વિવેકાનંદને પરદેશમાં એક માણસે કહ્યું અમારા ધર્મમાં જોડાઇ જાવ. શ્રી વિવેકાનંદે કહ્યું તમારા ધર્મની વિશેષતા શું છે? તેણે કહ્યું અમારા ધર્મમાં તમે ગમે તેટલી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકો. શ્રી વિવેકાનંદ કહે આ મારા કામનું નથી. એણે કહ્યું આટલું મોટું આકર્ષણ છે છતાં કામનું નથી? કેટલાય સાધુઓ અમારા ધર્મમાં જોડાયા છે. શ્રી વિવેકાનંદે ના કહીને કહ્યું. અમારો દેશ મોટો છે. ત્યાં જાઓ, ત્યાં તમને તમારા ધર્મને અનુસરનારા મળી રહેશે. આ બધું ભૂલભૂલામણી છે. આપણે આપણું જોવું. આ સારા આ ખરાબ એમ વ્યર્થ ચર્ચા થાય અને ક્યારેક લડાઇ કરવાનો વખત પણ આવે.

ફરી એ મ્યુઝીયમમાં લગાડેલા બોર્ડ(ઈશ્વર વ્યાપક નથી)ની વાત થાય છે.

પ્રભુશ્રી કહે બોર્ડના આ એ જ અક્ષરો લઇને બીજા પ્રકારે ગોઠવીએ તો બોર્ડ થઇ જાય છે. (પ્રભુશ્રી તદ્દન નિર્દોષ ગમ્મત હાવભાવ સાથે વાતો કરી રહ્યા હતા. વાણીમાં પણ એવી જ મધુર લહક હતી જે હાસ્ય–વિનોદ પ્રકટાવતી હતી.) બોર્ડ અર્થ પાટિયું... રેકડીપર પણ હોય અને મોટી દુકાન પર પણ હોય. અને બ્રોડનો અર્થ છે વિશાળતા. બોર્ડ તો દરેક દુકાન પર રહેવાનાં જ. દાખલા તરીકે એક ચાની દુકાન પર બોર્ડ હોય, "અમારી લીજ્જતદાર, કડક ચા પીવા અવશ્ય પધારો...જ્યારે દુકાનમાં જાઓ ચા પીઓ

ત્યારે જ ખબર પડે કે, પૈસા પડી ગયા...આજકાલ મોટા મોટા બોર્ડ જ જોવા મળે છે. માત્ર બોર્ડ જોવાનાં નથી. પણ જુઓ કે આપણા કામનું છે કે કેમ? નહીં તો જોઇને આગળ વધો. આપણે બ્રોડ (વિશાળ) બનવા તરફ લક્ષ રાખવું.

પ્રભુશ્રી—આપણા માટે સારું શું છે? તે શોધીને નિયમ બનાવો. તેને વળગી રહો. પવિત્રતા ને પ્રેમથી સાધન કરતા રહો. પછી તો એવો આનંદ આવશે કે બોર્ડ જોવાની ફૂરસદ જ નહિ મળે.

પ્રભુશ્રી ભગવાનદાસભાઇને કહે. શિબિર(અમદાવાદ)માં આવ્યા હતા? ભાઇએ કહ્યું ના. પ્રભુશ્રી કહે કોઇ નિયમ ઘડી કાઢો અને તેને વળગી રહો.

બીજી પણ કેટલીક વાતો થઇ. સત્સંગના અંતે શાંતિ પાઠ થયો. પૂ. માએ પ્રસાદ આપ્યો જે સૌ સત્સંગીઓને વહેંચવામાં આવ્યો.

આજે પાલનપુરથી લગભગ નવા માણસો વધારે હતા. તેઓને આ સત્સંગથી ખૂબ આનંદ આવ્યો. કહે આબુની યાત્રા સફળ થઇ. દેવદુર્લભ દર્શન, સત્સંગ, પ્રસાદ, આશીર્વાદ મળ્યા.

આ યાત્રાના પ્રથમ દર્શને જ સત્સંગનું અમૃતપાન કરવા મળ્યું. જીવનમાં પવિત્રતા, પ્રેમયુક્ત સાધના, સાધનાની દૃઢતાની કિંમત સમજાઇ.

દુનિયામાં ચાલતી ધર્મના નામની બધી જ દુકાનોની ચર્ચામાં આ અમૂલ્ય જીવનના સમય, શક્તિ વ્યર્થ ખર્ચવાં જોઇએ નહીં.

પાલનપુરથી આવેલા ભાઇઓમાંથી ત્રણેક જણ રોકાયા બાકીના મા–પ્રભુને પ્રણામ કરી ફરી આવવાનું કહી અંતરની પ્રસન્નતા સાથે વિદાય થયા.

પ. પૂ. મા–પ્રભુ સાથે તે દિવસે સાંજે ચાલવા માટે પણ સૌ



સાથે થયા. મારા અંતરમાં અતિ પ્રસન્નતા હતી. મા–પ્રભુના દર્શન માત્રથી અંતરે આનંદ, આનંદ થઇ રહ્યો છે. રસ્તે ચાલતાં પૂ. માએ આ બાળકને વ્હાલથી ધબ્બો ખભા પર માર્યો. તન, મન, પ્રાણમાં સંસ્પર્શથી પરમ આનંદનો સ્રોત પૂરવેગમાં પ્રકટી રહ્યો. તન, મન, પ્રાણ ઝૂમી ઊઠયા...અને અંતરનો એ આનંદ થોડોક શાંત પડતાં, જીવનની ધન્યતા, કૃતકૃત્યતાનો ભાવ પ્રકટી રહ્યો. અર્બુદાદેવીના અંકે આજનું લીલાદર્શન ધન્યતા અર્પનારું બની રહ્યું. આવા પરમ જ્ઞાન, પ્રેમ, કરુણા સ્વરૂપ સર્વસમર્થ સંતસ્વરૂપે ભગવંતનું સાન્નિધ્ય પામી આનંદે નાચી લેવાય તે સહજ છે. એ આનંદ પ્રેમના મહાસાગરમાં બાહ્યાભ્યંતર સ્નાનપાન કરીને ના બચાય તો જ આશ્ચર્ય છે.

આજના સૌ સત્સંગી ભાઇ–બેનો આનંદ પામ્યા હતા. કારણ પરમ આનંદનું સાન્નિધ્ય મળ્યું હતું. એ આનંદનાં પરમ ધામ એવા પ્રેમ કરુણા જ્યાંથી સૌમાં પ્રકટી રહે છે એવા વ્હાલા મા–પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

પ. પૂ. શ્રી રણછોડદાસજીના જીવનના

# પ્રેરક પ્રસંગો

સંકલન : ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી)

**પુણ્યપુંજ બિનુ મિલહં ન સંતા.**

શુજાલપુર પછી પૂજ્યશ્રી થોડા ભક્તોને સાથે લઇ મોટરરસ્તે રામેશ્વર જવા નીકળ્યા. રામેશ્વર જવાનું કારણ આવું હતું.

ઇ. સ. ૧૯૫૮ નો સપ્ટેમ્બર માસ ચાલતો હતો. એ અરસામાં પૂજ્યશ્રી રાજકોટ પધાર્યા હોવાથી બીમાર અને અશક્ત નેણશી અદા એમના દર્શન કરવા ગયા. પરંતુ આશ્રમની અપાર ભીડ જોઇને દર્શન વિના જ પાછા ફર્યા ને ઘેર આવી સતત પૂજ્યશ્રીનું સ્મરણ કરવા લાગ્યા. હર્ષદભાઇએ તેઓશ્રીપર એક ચીઠ્ઠી લખી બધા સમાચાર જણાવ્યા. છેવટે વિનંતી કરી કે બાપા હૃદયથી આપને ઝંખી રહ્યા છે.

ચીઠ્ઠી મળતાં એક પળનો પણ વિલંબ કર્યા વિના પૂજ્યશ્રી 'હર્ષદભવન'માં પધાર્યા. અદાને મળ્યા પછી હર્ષદભાઇને કહ્યું : 'દેવકરણ કો બંબઇ ટેલિફોન કરો, મૈં ઉનસે બાત કરના ચાહતા હું.

પૂજ્યશ્રીએ દેવકરણભાઇને ટેલિફોનમાં કહ્યું : 'સબ કામ છોડકર તુરંત રાજકોટ આ જાઓ. પિતાજી કી આખરી અવસ્થા મેં ઉનકી સેવા કરને કે લિયે તુમ્હારી હાજરી જરૂરી હૈ."

બીજે દિવસે દેવકરણભાઇ રાજકોટ આવી પહોંચ્યા. થોડા દિવસ પછી અદાની તબિયત એકદમ લથડી. ડોક્ટરોએ કહી દીધું કે હવે કોઇ આશા જેવું નથી.



છેલ્લા કલાકો ગણાતા હતા. પરંતુ અદાનો જીવ જાણે ક્યાંક અટવાયો હતો. એમણે ક્ષીણ સ્વરે કહ્યું : 'બાપુનાં દર્શન કરવાં છે."

પૂજ્યશ્રી ત્યારે જામનગર બિરાજતા હતા. વલ્લભભાઇ બેડલાવાળા એમને તેડી લાવવા મોટર લઇને સામા ગયા. તારીખ ૧૭ સપ્ટેમ્બરે બપોરે દોઢ વાગ્યે પૂજ્યશ્રી અદા પાસે આવ્યા. ને અદાને ખૂબ લાગણીથી પૂછ્યું : 'નેણશીભાઇ, કુછ કરના હૈ?

'મારી ઇચ્છા રામેશ્વર જઇને ગંગાજળ ચડાવવાની છે.' અદા માંડ માંડ આટલું બોલી શક્યા.

નેણશી અદાને પૂરી શ્રદ્ધા હતી કે રામેશ્વરનાં જે દર્શન કરે તેને ભગવાનનાં ધામમાં નિવાસ મળે છે. ને જે ગંગાજળ લાવી ત્યાં ચડાવે એને સાયુજ્યમુક્તિ મળે છે. તેથી અદાની ત્યાં જવાની તીવ્ર ઇચ્છા હતી.

'નેણશીભાઇ, અબ યહ નહીં હો સકતા. મગર મૈં તુમ્હે વચન દેતા હું, તુમ્હારે બદલે મૈં ખુદ રામેશ્વર જાઉંગા, તુમ્હારા ગંગાજળ ચડાઉંગા ઔર ઉસકા જો પુન્ય મિલેગા તુમકો અર્પણ કરુંગા.'

એ વચનથી અદાને સંતોષ થયો નહિ. તેથી પૂજ્યશ્રીએ ઘરમાંથી ગંગાજળ મંગાવ્યું ને હાથમાં ગંગાજળ રાખીને અદાને વચન આપ્યું. અદાના મોઢા પર પરમ સંતોષ છવાઇ ગયો.

થોડીવાર પછી બહાર આવીને પૂજ્યશ્રીએ બધાંને કહ્યું : 'નેણશીભાઇ અબ સિર્ફ દો દિનકે મેહમાન હૈ. ઘર કે સબ લોગ દો દિન તક ઉનકી ખૂબ સેવા કરકે ઉન્હેં સંતોષ દેના.'

બે દિવસ પછી તારીખ ૧૪ મીએ બપોરે બરાબર દોઢ વાગ્યે નેણશી અદાએ 'રામ–રામ' કરતાં નશ્વર શરીરને છોડી દીધું.

છેલ્લા બે દિવસ એમણે પૂર્ણ શુદ્ધિ અને શાંતિમાં પસાર કર્યા. આ બધો પ્રતાપ પૂજ્યશ્રીનાં દર્શન અને એમની પરમ કૃપાનો હતો.

રામેશ્વર જઈને નેણશી અદાને આપેલું વચન પૂજ્યશ્રીએ બરાબર નિભાવ્યું.

**સુના ચહહિં પ્રભુ મુક કી બાની,**
**જો સુની હોય સકલ ભ્રમ હાનિ.**

માવિન્કેરે દક્ષિણ ભારતમાં મેંગ્લોર નજીક આવેલું છે. ત્યાં ચા અને કોફીના પુષ્કળ બગીચા છે. મહાબળેશ્વર પછી પૂજ્યશ્રી ત્યાં પણ બે મહિના સુધી મૌન રાખીને એકાંતમાં રહ્યા. જયરામભાઈએ બધી વ્યવસ્થા પોતાના ચાના બગીચામાં કરી. એ વર્ષે ગુરુપૂર્ણિમા ઉત્સવ ત્યાં ઉજવાયો. તેથી તે દિવસે પૂજ્યશ્રીએ બધાંને દર્શન આપ્યાં. માવિન્કેરેમાં થોડા આધ્યાત્મિક પ્રશ્નો પણ ચર્ચાયા. મૌન હોવાથી પૂજ્યશ્રીએ લખીને બધાને ઉત્તર આપ્યા.

એક જિજ્ઞાસુ : પ્રાણતત્ત્વ શું છે? મરણ શું છે?

પૂજ્ય શ્રી : વાયુ કે દસ વિભાગ હૈ. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, કૂર્મ, નાગ, કૃકલ, દેવદત્ત ઔર ધનંજય ઇનમેં પ્રથમ કી પાંચ વાયુ શરીર મેં હંમેશા રહતી હૈ. ઔર શેષ પાંચ સમય પર વાયુ વિકૃતિ કે રૂપ મેં ઉત્પન્ન હોતી હૈ. પ્રાણાદિ પાંચ વાયુ મેં પ્રાણ સબસે શ્રેષ્ઠ હૈ ઔર વહ હૃદય પ્રદેશ મેં રહતી હૈ. યું તો પ્રાણ જડ હૈ. પરંતુ જીવાત્મા કે સાથ ઇસકા ઘનિષ્ઠ સંબંધ હોને સે જીવાત્મા કી જગહ પ્રાણવાયુ કા ઉલ્લેખ કિયા જાતા હૈ. 'પ્રાણ નિકલ ગયે. અરેરે! મેરે પ્રાણો પર આ ગયે' ઇત્યાદિ ઇસકે ઉદાહરણ હૈ. જિસ સમય જીવાત્મા કા શરીર સે વિયોગ હોતા હૈ, ઉસ સમય જીવાત્મા કે સાથ કેવલ પ્રાણ હી જાતે હો



ઐસા નહી હૈં. મન, બુદ્ધિ, પ્રાણાદી સહિત ૧૭ તત્ત્વ જિસે સૂક્ષ્મ શરીર કહતે હૈ. સાથ જાતે હૈ. ઔર યહી જન્મકા હેતુ હૈ. વહાં પર ભી યે ૧૭ તત્ત્વ હેતુ હૈ.

જબ તક કર્તાપના કા અહમ્ હૈ તબ તક સંસાર હૈ. કર્તાપનાકા અહમ્ ગયા તો સંસાર ખતમ. મન, બુદ્ધિ આદિ ભગવાન કો દે દેને સે કર્મ બંધનકારક નહીં હોતે હૈ. સૂક્ષ્મ શરીર ભી નહીં બનતા હૈ...ઔર યહીં પર આત્માકો શાંતિ મિલતી હૈ. યહી મોક્ષ, વૈકુંઠ, સાકેતાદિ હૈ.

જિજ્ઞાસુ : જીવની પ્રકૃતિ બદલાઈ શકે?

પૂજ્યશ્રી : પ્રકૃતિ યાને સ્વભાવ. પ્રકૃતિ કે દો પ્રકાર હૈ. એક જન્મસ્વભાવ, ઔર દૂસરા સંસ્કારી સ્વભાવ. જન્મસ્વભાવ નહીં બદલતાં. જન્મકા જો અચ્છા યા બૂરા સ્વભાવ હોતા હૈ વહ પ્રાણકેસાથ હી જાતા હૈ. ઇસે મૂલ પ્રકૃતિ કહતે હૈ. સંસ્કારી સ્વભાવ, યા સંગસે ઉત્પન્ન અચ્છા યા બૂરા સ્વભાવ. યહ બદલ સકતા હૈ.'

જિજ્ઞાસુ : 'જીવ એટલે?'

પૂજ્યશ્રી : 'ચૈતન્ય આત્મા.'

જિજ્ઞાસુ : 'મરણ બાદ માણસ જીવ જગતને તેમ જ પોતાના મૃતદેહને જોઈ શકે? જગતનો અનુભવ કરી શકે ખરો?

પૂજ્યશ્રી : 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ઇનકેદ્વારા જો અનુભૂતિ હોતી હૈ વહ વૃત્તિ 'સ્મૃતિ કે રૂપ મેં પ્રસંગ પડને પર ઇનકી સહાયતા કે બિના ભી ઉદય હો સકતી હૈ. સ્મૃતિ દીર્ઘકાલ તક ટિકતી હૈ. શરીરાન્તર હી યહી જન્મકા કારણ બનતી હૈ,સ્મૃતિ

યાને જગતકી સ્મૃતિ શબ્દ, સ્પર્શ આદિ હી તો જગત હૈ. સ્વપ્ન મેં હમેં જગતકા ઔર કભી કભી અપની મૃત્યુકા ભી અનુભવ હોતા હૈ. યોગી મૃત્યુ બાદ પ્રત્યક્ષ ભી દેખ શકતે હૈ. પર સામાન્યતઃ ઐસા હોતા નહીં હૈ.'

જીજ્ઞાસુ : 'શ્રી રામકૃષ્ણ પરમહંસને સગુણ બાદ નિર્ગુણનો અનુભવ તોતાપુરીએ કરાવ્યો હતો. તો નિર્ગુણ ધ્યાનની વિશેષતા કૃપા કરીને સમજાવો.'

પૂજ્ય શ્રી : 'કાલીમાતા શ્રી રામકૃષ્ણ કી ઉપાસ્યદેવી થી. માને કૃપા કરકે અપને નિર્ગુણ તત્ત્વકા દર્શન ઉન્હેં કરવાયા. મા સગુણ હૈ. ઔર નિર્ગુણ ભી. શ્રીરામકૃષ્ણ કો મા કે નિર્ગુણ તત્ત્વ કા અનુભવ હુઆ, મા કી હી કૃપા સે. સગુણ સે હી નિર્ગુણ મેં સ્થિતિ હોતી હૈ. પરમહંસજી કો જાનના થા કિ નિર્ગુણ તત્ત્વ મા કે સિવા ઔર કોઇ હૈ ક્યા? બસ અભ્યાસ કર ડાલા! ઇસકા માન મિલા તોતાપુરી કો ક્યોંકિ પરમહંસજી સબકા માન રખતે થે. ઔર ક્યાં? મા હી સગુણ હૈ ઔર મા હી નિર્ગુણ હૈ. ઐસી નિષ્ઠાને ઉન્હેં પૂર્ણતાકા આનંદ દિયા. તોતાપુરી જ્ઞાનભિમાની થે ઔર પરમહંસજી કી દશા તત્ત્વ બોધકી થી. ઉન્હોને તોતાપુરીકો માયા કા અનુભવ કરવાયા થા. જ્ઞાનાભિમાન કા પરિણામ તો ઐસા હી હોના ચાહિયે.'

જિજ્ઞાસુ : 'જ્ઞાનીને જગત રહે છે કે નહિ?'

પૂજ્યશ્રી : 'જ્ઞાની જગત કો માનતે નહીં હૈ. ઇસકા અર્થ યહ કદાપિ નહીં હો સકતા કિ જગત કે પરમાણુ રહતેહી નહીં. પર જ્ઞાનીકી દૃષ્ટિમેં ઉસકા અભાવ હો જાતા હૈ.



જૈસે કિ ઘુવડકી દૃષ્ટિ મેં દિન હૈ હી નહીં; ક્યોં કિ ઘુવડ કો દિન મેં કુછ ભી દિખતા નહીં હૈ.

જ્ઞાની કી તરહ હમ લોગ નહીં કહ સકતે હૈ કિ જગત નહીં હૈ. જિસ પ્રકાર ઘુવડ કી દૃષ્ટિમેં દિન નહીં હૈ, ઉસી પ્રકાર દૃષ્ટિ કે બદલે જાને પર જ્ઞાની કે લિયે સૃષ્ટિ કે જગત કે—રહતે હુએભી વહ ઉસે બાધક નહીં હોતા.

અનુમાન, પ્રત્યક્ષ અનુભવ ઔર શબ્દપ્રમાણ સે યહ સિદ્ધ હોતા હૈ કિ જીવ, જગત ઔર ઈશ્વર તીનોં અનાદિ હૈ. જબ અનાદિ હૈ તો ફિર યહ પ્રશ્ન નહીં ઊઠતા.

રોયે બિના તો મા ભી બચ્ચે કો દૂધ નહીં પિલાતી હૈ. ભગવાન કે સામર્થ્ય કા સ્મરણ હી રોના હૈ. અપની અસમર્થતા કા ધ્યાન કરકે રોના. 'સમર્થતા'કા ભાન વહાં નિષ્ઠા પક્કી.

જહાં 'સાધારણ' કી બુદ્ધિવહાં નિષ્ઠા ભ્રષ્ટ. પ્રભુ ઔર ગુરુદેવ મેં અંતર નહીં, પર ગુરુધ્યાન બહુત કઠિન હૈ. ઇસલિયે પ્રભુકા હી ધ્યાન કરો.

(શ્રી દમયંતી સેજપાલના 'મારા ગુરુદેવ'ના આધારે)

○

# સેવામૂર્તિ શ્રી બાબુભાઇ

મા સર્વેશ્વરી

આજથી બરાબર ૨૦ વર્ષ પૂર્વે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ફેબ્રુ.–૧૯૮૦ ના અધ્યાત્મના અંકમાં શ્રી બાબુભાઇ વોરાને સેવામૂર્તિ વિશેષણથી બીરદાવ્યા હતા. તે પછી શ્રી બાબુભાઇ વોરાની એકધારી ૨૦ વર્ષ સુધી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી યોગેશ્વર પરિવારને સેવાઓ સાંપડતી રહી છે. તે પરથી ખ્યાલ આવે છે કે વીસ વર્ષ પહેલાં પૂ. માએ શ્રી બાબુભાઇને 'સેવામૂર્તિ' બિરૂદ આપેલું તે કેટલું બધું યથાર્થ હતું. આજે હવે ૮૫ વર્ષની જૈફ વયે તેઓ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની કેટલીક જવાબદારીઓમાંથી નિવૃત્ત થયા છે તોપણ તેઓનું માર્ગદર્શન ટ્રસ્ટને મળતું રહે તેવી વ્યવસ્થા ટ્રસ્ટે કરી છે, તે ઇચ્છનીય છે. આટલી લાંબી એકધારી નિઃસ્વાર્થભાવે સેવાઓ આપવા બદલ સર્વમંગલ ટ્રસ્ટ અને શ્રી યોગેશ્વર પરિવાર ખરેખર તેમના ઋણી છે. પ્રભુને પ્રાર્થીએ કે–પ્રભુ તેમને લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપે ને તેઓનો સહકાર અને માર્ગદર્શન લાંબા વખત સુધી આપણ સહુને મળતા રહે.

ફેબ્રુ.–૧૯૮૦ નો પૂ. મા સર્વેશ્વરીએ લખેલ એ લેખ આજે અહીં તેઓની સેવાઓના ઉપલક્ષ્યમાં ફરી છાપીએ છીએ તે સહુને ગમશે.

— તંત્રી

નિવૃત્ત સરકારી અમલદાર. ખાદીનો સાદો વેશ. શાંત ગંભીર મુખ. મૂંગે મોઢે કોઇનું પણ કામ સેવાભાવે કરી છૂટવાની



ભાવના. માન, પ્રશંસા કે પદની અપેક્ષા નહીં. થાક, આળસ, કંટાળાનું તો નામનિશાન નહીં. ૬૬ વર્ષની મોટી ઉંમરે પણ યુવાનોને શરમાવે એવો ઉત્સાહ–નવી નવી સેવાની પ્રવૃત્તિઓ કર્યે જ જવાનો સ્વભાવ–અને પૂ. શ્રી યોગેશ્વર જેવા સમર્થ મહાપુરુષની તન, મન, ધનથી સેવા કરવાનો જ જેમનો જીવનમંત્ર હોય એવા એક વ્યક્તિવિશેષના પરિચયમાં હમણાં જ સવિશેષ આવવાનું બન્યું. ત્યારે મને લાગ્યું કે સાચે જ એ અમદાવાદનું મહામૂલું છતાં છૂપું રત્ન છે. એમનું શુભ નામ શ્રી બાબુભાઇ વોરા.

શ્રી બાબુભાઇ અમદાવાદમાં ૪૦ વર્ષોથી રહે છે, છતાં હજી તો ત્રણેક વરસ ઉપર જ એમણે પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સાંભળ્યાં, અને દિવ્ય જીવન સંઘે ફરી એ પ્રવચનો ગોઠવવાની અશક્તિ દર્શાવી ત્યારે એ સત્સંગને લોકકલ્યાણાર્થે પણ ચાલુ રાખવા એકલે હાથે જ પૂ. શ્રીનાં પ્રવચનો ગોઠવવાની ભાવના એમના મનમાં જાગી. સાથે જ, એમણે એકલે હાથે ૧૯૭૭ ના મે માસમાં પ્રથમ વાર સ્વતંત્ર રીતે સમર્થેશ્વર મહાદેવમાં પ્રવચનો ગોઠવ્યાં : ત્યારથી અત્યારસુધી વરસમાં બે વાર નિયમિત રીતે એ પ્રવચનો ગોઠવાયાં જ કરે છે. પ્રથમ વારનાં પ્રવચનોની સાથે જ એમણે પૂ. શ્રીની પ્રેરણાથી એક ધ્યાનકેન્દ્ર સમર્થેશ્વર મહાદેવમાં શરૂ કર્યું. એ એક ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિ આજે તો વિકાસકૂચ કરીને પાંચ પાંચ ધ્યાનકેન્દ્રો સુધી પહોંચી ગઇ છે! એ જ અરસામાં મહાત્મા યોગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના પણ એમના સહકારથી થઇ. કોઇ પણ જાતના અનુભવ વિના કોઇ પણ શિબિરમાં ભાગ લીધા વિના, પૂ. શ્રીના સાંનિધ્યે યોજાતી છઠ્ઠી ધ્યાનસાધના શિબિર અમદાવાદને આંગણે જ થાય એવી એમણે જ હિંમત કરી.

એમને કોઇ કે પૂછ્યું કે, "તમને શિબિરનો તો અનુભવ નથી, તો તમે શિબિર કેવી રીતે કરી શકશો?" તેમણે નમ્રતાપૂર્વક શ્રદ્ધા-ભક્તિ સાથે જવાબ આપ્યો કે "યોગેશ્વરજીની કૃપાથી સર્વપ્રકારની અનુકૂળતાઓ થઇ રહેશે અને શિબિર સફળ થશે જ." એ શબ્દો-માં એમની શ્રદ્ધાનો રણકો વરતાતો હતો. અને સાચે જ શિબિર સફળ થઇ. એ રીતે એમની શ્રદ્ધાભક્તિ વધતી જ રહી છે.

પૂ. શ્રીના પરદેશ પ્રવાસના પ્રથમ વિદાય સમારંભ અને ફરી ભારત આવ્યા ત્યારે પ્રથમ સત્કાર સમારંભ યોજવાનો યશ પણ એમને જ ફાળે જાય છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગે પૂ. શ્રી વરસોથી હિમાલય જ હોય છે. પરંતુ આ વરસે પ્રથમ વાર પૂ. શ્રી અમદાવાદ હોઇ, ૧૯૭૯ નો ગુરુપૂર્ણિમાનો પ્રથમ જાહેર ઉત્સવ યોજવાનું ઉત્તમકાર્ય પણ એમણે જ કર્યું. આમ એક પછી એક પ્રવૃત્તિના પ્રેરક, સર્જક અને આધારસ્તંભ બાબુભાઇ જ બની ગયા.

૧૯૭૯ ની સાતમી ધ્યાન સાધના શિબિર મોરબીમાં થઇ, ત્યાં બાબુભાઇએ સાધક તરીકે ભાગ લીધો. શિબિર પછી તરત જ અમદાવાદમાં પૂ. શ્રી નાં પ્રવચનો હોવાથી, મને પણ પૂ. શ્રી સાથે અમદાવાદ આવવાનું ખાસ આમંત્રણ આપ્યું. અને પ્રથમ વાર અમદાવાદમાં પૂ. શ્રીનો અલગ ઉતારો ગોઠવવાની નૈતિક હિંમત પણ એમણે જ કરી.

એમની સેવાના મંગલમય મંદિરના ઘુમ્મટ ઉપર સુવર્ણ કળશ ચઢાવે એવો પ્રસંગ એ પછી બન્યો. તારીખ ૮–૧૧–'૭૯ ના રોજ પૂ. શ્રીનાં પ્રવચનો પૂરાં થયાં, બીજે જ દિવસે પૂ. શ્રી હૃદયરોગના પ્રથમ હુમલાનો ભોગ બન્યા ત્યારે પણ તરત જ,



ડોક્ટરી તપાસ કરાવવાની ને વિવેકાનંદ હોસ્પિટલમાં ખસેડવાની પ્રવૃત્તિ પણ બાબુભાઇએ જ પ્રેમપૂર્વક ઉપાડી લીધી. તે જ રાતે એક નાનકડી શેતરંજી લઇને સૂવા માટે હોસ્પિટલમાં પણ આવી પહોંચ્યા. પલંગ હોવા છતાં નીચે જ સૂવાનો આગ્રહ તેમણે ચાલુ રાખ્યો. એવી એમની સાદાઇ.

તા. ૧૫–૧૧–'૭૯ ની મોડી રાતે પૂ. શ્રીને બીજો હુમલો થયાની જાણ થતાં, તુરત જ પોતાના ડોક્ટરપુત્રને લઇને આવી પહોંચ્યા. શહેરના સર્વશ્રેષ્ઠ ડોક્ટરોને તાત્કાલિક બોલાવી ઉત્તમ સારવાર કરાવી; અને તે જ દિવસથી પૂ. શ્રીની તથા સાથે સેવા કરનારાઓની ભોજનની વ્યવસ્થાનો ભાર પણ સ્વેચ્છાએ સેવા-ભાવે ખૂબ આગ્રહ કરીને એમણે ઉપાડી લીધો. જે આજે પણ ચાલુ જ છે.

પ્રસંગો ખૂબ નાના હોય છે; પણ એમાંથી વ્યક્તિના ચારિત્ર્ય અને ગુણોનું દર્શન થતું હોય છે. એવા કેટલાક પ્રસંગો જોવા મળ્યા.

એમની અગમચેતી તો જુઓ! તા. ૭–૧૨–'૭૯ ના રોજ પૂ. શ્રીને હોસ્પિટલમાંથી રજા મળી ત્યારે પણ એમણે જ અમદા-વાદ જેવા શહેરના શાંત વિસ્તારમાં મળવો અતિમુશ્કેલ એવો ચારૂલ ફ્લેટ પૂ. શ્રીના આરામ માટે મેળવી લીધો! અને ત્યાં પણ પૂ. શ્રીના મેડીકલ ચેક–અપ માટે પૂરતું ધ્યાન આપવા નિયમિત ડોક્ટરી તપાસની વ્યવસ્થા અને જરૂર પડયે મોટા કન્સલટન્ટોની વ્યવસ્થા પણ આ વ્યક્તિવિશેષે ગોઠવી રાખેલી.

પૂ. શ્રીની માંદગી પહેલાં જ બાબુભાઇએ પોતાના સંચાલન હેઠળ બાર જ્યોતિર્લિંગોની યાત્રાનું આયોજન કર્યું હતું. પરંતુ પૂ.

શ્રીની માંદગીને કારણે આર્થિક નુકસાન વેઠીને પણ એમણે એ યાત્રા બંધ રાખી. એ અંગે વાત નીકળતાં બાબુભાઈએ કહ્યું, "આ પણ (પૂ. શ્રીની સેવા) યાત્રા જ છે ને! સ્વામીજી સારા થઈ જાય પછી યાત્રાએ ક્યાં નથી જવાતું?" કેવી ઉમદા લાગણી!

આટલી મોટી ઉંમરે પણ પોતાનો ગમે તેવો વજનદાર સામાન પણ શ્રી બાબુભાઈ જાતે જ ઊંચકવાનો આગ્રહ રાખે, હોસ્પિટલમાં લીફ્ટની સગવડ છતાં કદી રાહ ન જોતાં ત્રણ–ત્રણ દાદર સામાન સાથે જ ચઢી જવા જેટલી તંદુરસ્તી. ધ્યાનકેન્દ્રો કે પ્રવચનસ્થળોએ પાથરણાં પાથરવાં, કે ઝાડુ કાઢી નાંખવું, કે માઈક ગોઠવવાનું કામ કરવામાં જરા પણ ખચકાટ કે નાનમ ન અનુભવે. પોતાના સહકાર્યકર્તાઓ કે સમકક્ષ કોઈ પણ આવે તો, પોતાની બેઠક તુરત આપી દેવા જેટલી સાહજિક નમ્રતા.

હોસ્પિટલમાં કે ચારૂલ ફ્લેટ ઉપર બહારગામથી આવનાર દર્શનાર્થીઓને પોતાને ઘેર જ ભોજન ને ઉતારા માટે લઈ જવાનો એઓ સતત આગ્રહ રાખે છે. આ યુગમાં આવા અસાધારણ અતિથિસત્કારની ભાવનાવાળા ભદ્રપુરુષ તો કોઈક જ જોવા મળેને!

પોતાના જીવનમાં બનતા પ્રસંગોને કે અનુકૂળતાઓને તેઓ પૂ. શ્રીની કૃપાનું પરિણામ માને છે. ત્રણ જ વરસના અલ્પ સમયમાં કેવી અનન્ય શ્રદ્ધા અને કેવી અનેકવિધ પ્રવૃત્તિઓ! એ તો પૂ. શ્રીના શબ્દોમાં કહીએ તો "બાબુભાઈ તો દેવપુરુષ છે, દેવપુરુષ. એવા પુરુષો સમાજમાં વિરલ જ હોય છે."

શ્રી બાબુભાઈમાં અનેકવિધ કાર્યોમાં એકસરખો ઉત્સાહ, રસ, શ્રદ્ધા ને સેવાભાવ જણાયો છે. એ તો સમજી શકાય કે કુટુમ્બની



એક વ્યક્તિને કોઈ સંતમહાત્માની સેવામાં રસ હોય, પણ આ તો બાબુભાઈનું આખું કુટુંબ સેવાભાવથી સભર. ઘરના બધાં જ સભ્યો એમની ભાવનામાં પૂર્તિ કરવા સદા તત્પર. "સ્વામીજીની આવી સેવાનું સદ્‌ભાગ્ય અમને ક્યાંથી મળે?" આ એમની ધર્મપત્ની મધુબેનના ઉદ્‌ગાર! કેવું વિરલ સેવાપરાયણ કુટુંબ!

શ્રી બાબુભાઈનો નિત્યક્રમ પણ જાણવા જેવો છે. સવારે ૪–૩૦ વાગ્યે ઊઠી જવું, નિયમિત દેવસેવા કરી મહાદેવનાં દર્શને ૬–૪૦ વાગ્યે પહોંચી જવું. ત્યાંથી વળી ધ્યાનકેન્દ્ર અથવા સંન્યાસ આશ્રમમાં કથાશ્રવણ કરવા ઉપડી જવું. વળી ૧૦–૦૦ વાગ્યે પાછા પૂ. શ્રી પાસે ભોજનની સેવા માટે હાજર થઈ જવું. ૧૧ થી ૫ સુધી અમદાવાદની 'અજોડ ડેરી'ના જનરલ મેનેજર તરીકે સરકારે આગ્રહ કરીને ફરી સોંપેલી ખાસ ફરજ ઉપર હાજર રહી કાર્ય કરવું. સાંજે ૬ વાગ્યાથી ફરી પૂ. શ્રીની સેવામાં હાજર થઈ, મોડી રાતે ઘરે જવું. આ છે એમનો પ્રેરક નિત્યક્રમ.

હવે શ્રી બાબુભાઈની ઈચ્છા આધ્યાત્મિક રીતે આગળ વધવાની અને સેવાની વિવિધ પ્રવૃત્તિમાં વધુ રસ લઈ શકાય, એ હેતુથી ડેરીની જવાબદારીમાંથી છૂટા થવાની છે.

હજી તો ધ્યાનકેન્દ્રોનાં અલગ મકાનો અને પૂ. શ્રીના અલગ સ્વતંત્ર નિવાસની યોજના એમના શ્રદ્ધાળુ હૃદયમાં આકાર લઈ રહી છે.

સેવાની કોઈ પણ પ્રવૃત્તિ પદ, પ્રતિષ્ઠા કે પૈસાની અપેક્ષા વિના, શ્રદ્ધા ને નિષ્ઠાથી તેઓ કર્યે જ જાય છે. એઓ કહે છે કે, "આપણે તો નિમિત્ત માત્ર છીએ. આપણને નિમિત્ત બનાવી પૂ. શ્રી યોગેશ્વરજી જ બધું કાર્ય કરી રહ્યા છે. એથી આપણે તો એ

કાર્ય રસપૂર્વક કરી છૂટવાનું જ છે."

આવા સેવામૂર્તિ દેવપુરુષ શ્રી બાબુભાઇના હાથે હજી પણ સેવાનાં ઘણાં કાર્યો થતાં રહે, અને પૂ. શ્રી યોગેશ્વરજીના વિશાળ કલ્યાણ કાર્યમાં મહત્ત્વનાં સેવાનાં સોપાનો એમના થકી સર થતાં રહે, એ માટે પ્રભુ તેમને લાંબું તંદુરસ્ત આયુષ્ય આપે, એ જ પ્રાર્થના છે.

જે જીવન સમાજસેવાના કાર્યમાં ઉપયોગી બને છે તે જ જીવન ખરેખર સાર્થક, સફળ અને ધન્ય છે. એ દૃષ્ટિએ જોતાં, શ્રી બાબુભાઇનું જીવન સાચે જ સાર્થક, સફળ અને ધન્ય છે.

ભૂલ તો દરેક વ્યક્તિ કર્યા કરે છે. કાયમને માટે એ ભૂલ તરફ જ જોયા કરીએ તો તે વ્યક્તિને કોઇવાર અન્યાય કરી બેસીએ.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ : ૪૮૦૪૨૮
ઓ. : ૩૬૨૪૩૭ : ૩૬૦૩૭૬
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨



# પૂજાનાં ફૂલ

યોગેશ્વરજી

**નોંધ :** પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ મા જગદંબાની આંતરિક આરાધનાના ભાગરૂપે હૃદયના ભાવોરૂપી ચઢાવેલ–આ પૂજાનાં ફૂલ આરાધનાનો એક એક અનોખો અપ્રગટ અર્ઘ્ય હવેથી દરેક અંકમાં પ્રસિદ્ધ થશે. — તંત્રી

## (૧) રજનીગંધા ને તમે

રજનીગંધાને રાતની સાથે કેવો ગાઢ સંબંધ છે? રાતે એ ખીલે છે, અને એના રોમેરોમમાંથી પ્રસન્નતાનો પાવન પરિમલ પ્રસર્યા કરે છે. ઉપવન આખું ને દૂર દૂરની શેરીઓ એનાથી સુવાસિત થઇ જાય છે.

એવો જ ગાઢ સંબંધ તમારો ને તમારા ભક્તોનો છે.

પરંતુ તમારી સુવાસ તો રજનીગંધાથી પણ અધિક અલૌકિક, અનેરી છે. રજનીગંધા તો રાતે જ ખીલે ને મહેંકે છે, પરંતુ તમારી ફોરમ તો દિન ને રાત એવી ને એવી જ ચાલુ રહે છે. તમારા રોમરોમને પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી એવી તો પાવન-કારી પરિમલ પ્રસરે છે જે જડ ને ચેતન સૌનું કલ્યાણ કરે છે. ભક્તો તો એથી કૃતાર્થ જ થઇ જાય છે.

## (૨) તમે જ સર્વસ્વ

બીજા મને ભલે તિરસ્કારે; એ તિરસ્કારની મારે મન કિંમત નથી. તમારા હાથ લંબાવીને મારો સત્કાર કરવા તમે સદા તૈયાર રહો છો એથી મને શાંતિ છે. લોકો મને ભલે તિરસ્કારે.

બીજા ભલે મારું અપમાન ને મારી નિંદા કરે; એ અપમાન ને નિંદાની મારે મન કિંમત નથી. તમારી પાસે મારું માન છે ને તમારા વદનપર મારી પ્રશસ્તિના ભાવ છે એથી મને શાંતિ છે. લોકો ભલે મારું અપમાન ને મારી નિંદા કરે.

વેદના ને ચિંતાની ભલે ચિતા જલે ને બીજા તરફથી મુસીબત ને નામોશી મળે : એ મુસીબત ને નામોશી મળે : એ મુસીબત ને નામોશીની મને કિંમત નથી : એ વેદના ને ચિંતાની ચિંતા નથી. તમારી સોડ મારે સારું સદા સુરક્ષિત છે એથી મને શાંતિ છે. લોકો તરફથી ભલે મને મુસીબત ને નાહકની નામોશી મળે.

બીજાના હિતના મંગલ યજ્ઞમાં આહુતિ આપનારનું કદી અકલ્યાણ નથી થતું એ વાતમાં મને વિશ્વાસ છે.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૧.



# નારદભક્તિસૂત્ર

મહાત્મા યોગેશ્વરજી

## ગુજરાતી કાવ્યાનુવાદ મૂળ સંસ્કૃત સાથે

यल्लब्ध्वा पुमान् सिद्धो भवत्यमृतो भवति तृप्तो भवति ॥ ४ ॥

यत्प्राप्य न किञ्चिद् वाञ्छति, न शोचति
न द्वेष्टि न रमते नोत्साही भवति ॥ ५ ॥

यज्ज्ञात्वा मत्तो भवति, स्तब्धो भवत्यात्मारामो भवति ॥ ६ ॥

**ભક્તિથી સિદ્ધ ને તૃપ્ત તેમ જ અમર થવાય છે–**

આ ભક્તિનો આશ્રય લે છે, તે માનવ તો સિદ્ધ બને,
અમર બને છે, શાંત બને છે, જીવે છે તે તૃપ્તમને. (૪)

**ભક્તિથી રાગદ્વેષ, તૃષ્ણા ને સ્વાર્થવૃત્તિ ટળે છે–**

આ ભક્તિને પ્રાપ્ત કર્યાથી, તૃષ્ણા તેમ વિકાર ટળે,
શોક રાગને દ્વેષ રહે ના, સ્વાર્થતણો ઉત્સાહ મરે. (૫)

**ઈશ્વરપ્રેમથી મસ્ત શાંત ને આત્મારામ થવાય છે–**

પ્રેમરંગમાં રંગાઈને ભક્ત બને છે મસ્ત ખરે,
મત્તજેમ તે પ્રેમનશામાં જીવે ને આનંદ કરે.
પ્રેમરહસ્ય પિછાનીને એ ગદ્‌ગદ્ કે કદી સ્તબ્ધ બને,
આત્મામાં આનંદ મેળવે, શાંતિતણું તે ધામ બને. (૬)

ભક્તિ તો એક આદર્શ માતા છે. તેના બાળક બનીને જે તેના પ્રેમનું સેવન કરે છે, પાન કરે છે, તેની બધી જ ભૂખ મટી જાય છે, સઘળી તરસ છીપી જાય છે, ને પરમશાંતિથી તે શોભી ઊઠે છે. ભક્તિ કે પરમાત્માનો પરમપ્રેમ એ તો એક કલ્પવૃક્ષ છે, જેની શીતળ પાવન છાયા નીચે બેસી માણસના શારીરિક માનસિક ને આત્મિક ત્રણે જાતના તાપ ને ક્લેશ દૂર થઈ જાય છે; માણસની ચંચલતા શમી જાય છે, ને તે સ્વર્ગસુખનો અનુભવ કરે છે. (ક્રમશઃ)

સંસારમાં સ્નેહ ના હોત તો? જીંદગી જીવવા જેવી રહેત ખરી? એમાં કોઇ રસ, કસ કે આનંદ રહેત ખરો? એમાં બીજું બધું રહેત, પરંતુ જીવન ના રહેત. સ્નેહને લીધે તો સંસાર ટકે છે, હસે છે કે કિલ્લોલ કરે છે. એ સ્નેહ માતાપિતાનો હોય, ભાઇ-બેનનો હોય, ભાઈનો, સ્વજનનો, સંતાનોનો હોય અથવા મિત્રો કે પતિપત્નીનો હોય, કુદરતનો કે પશુપક્ષીનો હોય પરંતુ એ છે તો જ, સંસાર સુખમય છે ને હર્યોભર્યો છે. યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડૉ. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૯૮૫૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com




# આરોગ્ય અને માનસશુદ્ધિ

ડૉ. ઉમાકાંત જે. જોષી

આયુર્વેત સંપૂર્ણ સ્વાસ્થ્યમાં તથા માંદા પડયા પછી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્તિમાં ઔષધ, પરેજી, ઉપરાંત માનસશુદ્ધિનું ખૂબ મહત્ત્વ દર્શાવે છે. આયુર્વેદે શારીરિક વ્યાધિમાં વાયુ-પિત્ત-કફ ને તથા માનસ રોગમાં રજ-તમ જેવા દોષોને કારણભૂત દર્શાવ્યા છે. સામાન્ય રીતે માનવ સ્વસ્થ ત્યારે રહે છે જ્યારે તે આહાર-વિહારના નિયમોને અનુસરે, દિનચર્યા, ઋતુચર્યા તથા રાત્રિચર્યાનું શાસ્ત્રોક્ત રીતે પાલન કરે, સદ્ભાવના રાખે, સત્સંગી બને, લોભ, મોહ, ક્રોધ, ઈર્ષાદિથી પર રહે તો શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક એવં સામાજીક આરોગ્ય જળવાઇને સમાજ સુમેળથી નિરોગી કે સ્વસ્થ રહે.

આ બધું ત્યારે શક્ય છે કે 'મન' સ્વસ્થ રહી નિયમોને વળગી રહે. ખોરાકમાં, કે અન્ય ચર્યામાં લાલચુ, કે ઈન્દ્રિયોને વશ ન થાય. અને એ માટે આયુર્વેદે 'સત્ત્વગુણ' વધારવા, સાત્ત્વિક થવા, ઔષધ વિનાની ચિકિત્સા આપી છે જેમાં 'મન' ધૈર્ય, શ્રદ્ધા, શાંતિ, એકાગ્રતામય બની સાત્વિક બની, ને જીવન જીવે, આથી આયુર્વેદે સદાચાર, સદવ્રત ઉપર ભાર આપ્યો છે. સરળ, સાદું ને સદાચારી જીવન જ મન અને તનનું સ્વાસ્થ્ય સર્જે છે, રજોગુણ તમોગુણ માણસને લાલચુ, લોભી, ઈન્દ્રિય વશ કરી સ્વાસ્થ્યનાં નિયમોનું ઉલ્લંઘન કરાવી આહાર-વિહાર, દિનચર્યાદિ નીતિનું ઉલ્લંઘન કરાવી લાલચુ બનાવી, રોગીષ્ઠ બનાવે છે.

આજ રીતે જ્યારે માંદા પડયા પછી ફરી સ્વસ્થ થવા માટે નિયમિત ઔષધિ પરેજીની, વૈદ્યપર શ્રદ્ધાની. ધીરજની જરૂર પડે છે, ત્યારે પુનઃ સાત્ત્વિકતાની જરૂરિયાત આયુર્વેદ દર્શાવે છે. રજોગુણી, કે તમોગુણીવાળો દર્દી તુરંત સારો થતો નથી કારણ કે તેની શ્રદ્ધા ડગી જાય છે. વૈદ્યો, દાક્તરો બદલાવ્યા કરે છે. પરેજી પાળવા માટે મનને અંકુશમાં રાખી શકતો નથી, સારવાર કરનારાઓ ઉપર ક્રોધિત થયા કરે છે. જ્યારે સાત્ત્વિક મનવાળો. શ્રદ્ધા રાખી, વિશ્વાસ કેળવી, પરેજીનું નિયમિત પાલન કરે છે અને જલ્દી સારો થઇ જાય છે.

ડાયાબિટીઝ, બ્લડપ્રેસર, વજન વધવું, થાઈરોડ, વગેરે રોગોમાં આજીવન પરેજી તથા ઔષધ વ્યવસ્થાની જરૂરિયાત રહ્યા કરે છે. આવા સમયે ધીરજની, શ્રદ્ધાની અને જીતેન્દ્રિયતાની આવશ્યકતા રહે છે. આમાં સત્ત્વગુણી જીતે છે. રજોગુણી લાલચુ બની જાય છે. તમોગુણી ક્રોધિત બની પરેજી–ઓષધાદિનો ઘણીવાર ત્યાગ કરી દે છે. આ રીતે માંદા પડયા પછી સારા થવામાં સત્ત્વગુણની મનને જરૂર પડે છે. ને સત્ત્વગુણ શાંતિ, પ્રાર્થના, શ્રદ્ધા, ધીરજ વિના પ્રાપ્ત થતો નથી. આથી આરોગ્યમાં મનશુદ્ધિ જરૂરી બને છે.

આજ રીતે સામાજીક સ્વાસ્થ્યમાં માનસદોષ રજોગુણ, તમોગુણની વ્યાપકતાનાં કારણે, ચોરી–ઈર્ષા, લોભ, ભ્રષ્ટાચાર આદિ વ્યાપક બની સમાજ વ્યવસ્થા તોડે છે, ત્યારે નીતિ વિરુદ્ધ વ્યવહાર બને છે. અને નીતિ વિરુદ્ધ વ્યવસ્થાથી કુદરતી વ્યવસ્થા પણ તૂટે છે. કૃપા છૂટે છે, જેથી વાતાવરણ દૂષિત થાય, ઋતુઓ પોતાની પ્રાકૃતતા તોડે છે અને એપેડિમિક રોગો, વાયરસ વગેરે ફેલાય છે અને રોગચાળો ફેલાય છે. જળ, વાયુ વગેરે દૂષિત થાય



છે. ઔષધિઓ પોતાનું તેજ ગુમાવે છે અને સમાજ સમુદાય માંદો પડે છે. અકાળે વૃદ્ધત્વ, નાની ઉંમરે વાળ ધોળા થવા, વીર્યપરાક્રમ વિનાનો સમાજ થવો, કાયરતા આવવી, વગેરેની વ્યાપકતા વધે છે. અકાળ મૃત્યુનું પ્રમાણ વધે છે. જેને આયુર્વેદ 'જનપદોધ્વંસ (Epidemic diseases) જનનાં સમુખને ઉખેડી નાંખનાર–રોગચાળો કહે છે. આમાં પણ સત્ત્વગુણનો અભાવ મુખ્ય છે. આથી આયુર્વેદે કહ્યું છે કે–

धी, धृति स्मृतिविभ्रंशकर्म यत् कुरुतेऽशुभम्।
प्रज्ञापराधं तदुक्तं सर्वदोष प्रकोपणम्॥ ચરક શાસ્ત્ર–૧

ધી (બુદ્ધિ), ધૃતિ (ધીરજ, સ્મૃતિ કે બુદ્ધિનાં અપરાધથી માનવી જે કોઇ (આહાર, વિહાર, દિનચર્યા, વ્યવહાર વગેરેમાં) અશુભાચરણ કરે છે તે પ્રજ્ઞા–અપરાધ છે અને દરેક રોગોનાં મૂળમાં તે હોય છે.

આથી સંપૂર્ણ સ્વાસ્થ્ય ઇચ્છનારે, કે જલ્દી સાજા થવા ઇચ્છનારે માનસશુદ્ધિ કેળવવી અનિવાર્ય છે. દવાઓ પર્યાપ્ત નથી ને નથી જ, માત્ર દવાઓથી કે ઓપરેશનથી સારું થયું એ માન્યતા ભૂલ ભરેલી છે.

* * *

જે માનવી હિતકારી આહાર, વિહારનું સેવન કરતો હોય, બરાબર વિચાર કરીને ઇન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત થતો હોય, દાનેશ્વરી હોય, સત્યવાન હોય, આપ્ત કે સજ્જન પુરુષોનો સત્સંગી હોય, ક્ષમાવાન હોય, તેવા પુરુષોને રોગો થતા નથી અને જો રોગો થાય તો તે તેને પીડિત કરી શકતા નથી.

(ચરકસંહિતા)

## * નાનો દીવો *

નાનો દીવો નાના ઘરને, કેવો તેજ ધરે?
જુઓ જરી, આ મૂંગે મોઢે, સેવા શાંત કરે. ૧

નથી સૂર્યના જેવી શક્તિ તો પણ ભારે એની ભક્તિ;
ચંદ્ર તથા તારલિયાથી યે, મોંઘો આજ ઠરે;
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે. નાનો દીવો. ૨

યશ ના કોઇ આપે એને, સન્માને ના મીઠા વેણે;
તો પણ પરવા કરે ન એની, એ અંધાર હરે;
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે. નાનો દીવો. ૩

શાંત થશે સેવા કરતાં એ, બૂઝાશે કોઇ હાથે કે;
એવી રીતે જીવન જો આ ક્યાંયે તેજ ધરે;
ધન્ય થાય તો કોઇને જો એથી પ્રાણ મળે. નાનો દીવો. ૪

('બિન્દુ' બાળ કાવ્યોના સંગ્રહમાંથી)

— યોગેશ્વરજી

### સુવાક્ય

આ જગતમાં જે સુખદુઃખ આવે છે તે કર્મના ફળરૂપે આવતા હોય છે. વ્યક્તિ તો એમાં નિમિત્તરૂપ હોય છે. એને માટે કોઇ વ્યક્તિને દોષ નથી દેવા જેવો.

યોગેશ્વરજી



## એટલું આપજે

સર્વેશ્વરી

સાચો ભક્ત ભગવાન પાસે પ્રભુપંથે જરૂરી વસ્તુઓ જ માગે છે.

એવી જ માગણી આ પદમાં થઇ છે. જીવનમાંથી રાગદ્વેષ દૂર થાય ને પ્રભુનો પવિત્ર પ્રેમ પ્રગટે. વળી, રોજબરોજના જીવનમાં પ્રભુનું નિરંતર નામ જપી શકું એવી માનસિક ભૂમિકા પણ પ્રભુ આપે એવી ભાવના વ્યક્ત થઇ છે.

થોડીક સાધના થાય ને વળી મનમાં મિથ્યાભિમાન આવી જાય તો, પ્રભુ! તું જ મનને નમ્ર બનાવજે.

જીવનનો આધાર તો તું જ છે. તો હવે મને ભવસાગરની પાર ઉતારજે.

રોમેરોમમાં કોઇ દુન્યવી રાગને બદલે પ્રભુનો પવિત્ર અનુ-રાગ અંગેઅંગમાં છવાઇ જાય એવી કૃપા, હે પ્રભુ! મારી માગણીના પ્રત્યુત્તરરૂપે પૂરી પાડજે.

વ્હાલા આપે તો એટલું આપજે રે,
શરણાગત વત્સલ ભગવાન!
રાગદ્વેષ મમતા હૈયે ના વસે રે,
પ્રેમે નસનસ નિર્મળ થાય. વ્હાલા૦

દુનિયાના કામમાં તુજને ભૂલું નહીં રે,
નિરંતર નામ જપાવજે, નાથ! વ્હાલા૦

મનડું મિથ્યાભિમાનમાં ના રમે રે,
નમ્રતા આપજે, મારા રાજ! વ્હાલા૦

નાવિક ભવસાગરનો બની જજે રે,
હોડલી હંકારજે પેલે પાર. વ્હાલા૦

રોમેરોમ રંગજે તારા રાગથી રે,
કરજે જગમાં જયજયકાર. વ્હાલા૦

## બંધનમાંથી મુક્તિ ક્યારે થાય?

બંધન કેવી રીતે તૂટે? માનવ પોતાની મેળે બંધન તોડવા માટે બહુ સમર્થ નથી. લાચાર છે. એને ખબર નથી. બંધન તોડવું છે પણ બંધન તૂટે કેવી રીતે, આટલી બધી સ્કૂલો, હાઈસ્કૂલો, કોલેજો, પાઠશાળાઓ આપણે ત્યાં ચાલે છે. પ્રત્યેક વિદ્યાર્થી પોતાની મેળે જ જો પરમ પ્રકાશને પામી શકતો હોય તો આ બધી હાઈસ્કૂલો, શિક્ષણ સંસ્થાઓ આપણે ઉઘાડવી પડત જ નહીં. બધા જ ઘેર વાંચી લેત. બધા જ ઘેર જ્ઞાન પામી શકત. પરંતુ એવું નથી. એટલા માટે સદ્‌ગુરુની આવશ્યકતા પડે છે જે સત્યની અંદર સંપ્રતિષ્ઠિત છે. જે સત્યનો સાક્ષાત્કાર કરવાને માટે કૃતસંકલ્પ છે. એ માર્ગે જે આગળ વધી રહ્યા છે. અને બીજાને પણ જે સત્યનો માર્ગ બતાવી શકે તેમ છે. સદ્‌ગુરુ એને કહેવા-માં આવે છે. આવા સદ્‌ગુરુનો જો મેળાપ થઇ જાય, સમાગમ થઇ જાય તો બંધનોમાંથી મુક્તિ મેળવવાનું કાર્ય સરળ બની જાય છે. ભક્તિના સાધનદ્વારા આ જે અનાદિ કાળનો મોહ છે એ મોહની નિવૃત્તિ સહેલાઇથી થઇ જાય. પછી પરમાત્માની કૃપાથી બંધનમાંથી મુક્તિ થઇ જાય.

યોગેશ્વરજી



## My Impressions of Calagary

**Neelam**

For the month of August 1999 Pujya Maa Sarveshwari held a Shibir in Bragg Creek, Calgary, Alberta.

I attended this Shibir for the last few days from August 24 to the 27th. Regardless of this short period of stay at the camp I learned and experienced many things, which I will discuss shortly.

During the Shibir each individual was asked to take a Niyam of Maun (vow of silence) and another one of one's personal choice, such as reciting the Bavani's name a number of times, performing a certain number of pranams or reading a book, etc.

Taking a vow of silence was difficult, however it proved to be beneficial. I realized how important speech is and yet how unimportant it can be. We were allowed to speak minimal and therefore had to think carefully before we spoke, which is something

that should be done on a daily basis, but is not. By learning to think before we speak, we also learn how to partially control our thoughts by filtering out the unimportant and speaking only the residual important. This should be practiced throughout our life, for there are many things that can often be said which one regrets afterwards and by learning to think before one speaks, these situations can be avoided.

Several people attended this Shibir and everyone took different things from their experience. While at the camp we learned about Maa's health from an analysis of her blood work. Maa has been fasting for many years now; eating nothing except for fruits and drinking milk, which itself is at minimum. Regardless of her nutritional intake or lack thereof, Maa's test results proved her to be more healthy than a few of the satsangees who have a more balanced diet and are of younger age. Remarkable were her iron blood count and white blood cell count even after the accident, which were in the mid range of results. This showed me that there is



something inside Maa, beyond my understanding, providing all her essential nutrients and giving her the strength to live the healthy and active life that she does.

Rakshabandhan was a memorable day. Maa asked all the ladies to tie a rakhi on each of the bhai's hand that were there, ensuring that every ben tied a rakhi on someone and that every bhai received a rakhi. This meant a lot to everyone. In my eyes Maa was showing us how we are all family, all her children, each of us brother and sister to the other. Being a part of a family puts a responsibility on each individual to treat each other with respect, more than we may feel we deserve. Maa, herself, treats each of us with the utmost respect, more than we may feel we deserve. Maa, who is above us, perfect in all ways, our spiritual leader can love and respect all of us imperfect human beings and can forgive us for the wrongs that we may have done throughout our life. If she is able to come down so low to our level and forgive us for our mistakes then we should learn from this and be able to forgive each

other. This holds true especially within our families, for our family are our foundation and our safety net and to keep our families strong; We must learn from Maa how to forgive and grow from past mistakes. The respect that each of us showed the other during the Shibir should be practiced in everyday life.

Another thing I noticed was how Maa is always looking out for us. Her purpose on this earth is to help us humans find the right path in life and follow it, and how to avoid the wrong turns. Maa does so much for us as many Saints do. She does not act superior to us or expect materialistic items from us. I believe that by following Maa's wishes, her instructions, we are pleasing her and that is the present that she would want from us for that is her purpose in our lives, by giving us the strength to make changes in our lives that lead to a better one. At the camp the mandir was decorated with sarees, which Maa had been given. Maa will be donating these sarees to the needy in India where it can be used as material for girl's clothing. This shows



Maa's generosity and how she has no desire for any materialistic item.

The few days that I spent with Maa at this Shibir were unforgettable and a great learning expereence. I do hope that this type of Shibir will take place again and that I am able to attend for a longer period of time. Maa, please forgive me for any mistake I made during this Shibir.

## જીવાત્મા વિતશોક ક્યારે બને?

જે જીવ પરમાત્માનું દર્શન કરે, પરમાત્માના ચારુચરણોનો આધાર લે, પરમાત્માના ચારુચરણોનો આધાર લઈ અને પરમાત્માને સર્વસમર્પણ કરે, પરમાત્માની પરમકૃપાને પામવાને માટે ચાતક પક્ષીની પેઠે પોતાના જીવનની અંદર તલસે અને પરમાત્માની અનુકંપાના પરિણામે જે પરમાત્માના મહિમાને પણ જાણે. પરમાત્માનું જ શરણ લેવા જેવું છે, પરમાત્માનું જ શરણ લેવાથી સર્વપ્રકારે સુખશાંતિ મળી શકે તેમ છે, પરમાત્માનું શરણ લેવાથી જ જીવનનું કલ્યાણ થઈ શકે તેમ છે. આ જે બરાબર સમજી લે છે અને પછી પરમાત્માના મહિમાને સમજીને પરમાત્માની શરણાગતિનો સર્વપ્રકારે સર્વભાવે સ્વીકાર કરે છે એ જે જીવાત્મા હોય છે તે વિતશોકઃ શોકરહિત બની જાય છે.

યોગેશ્વરજી

# કેલગરી શિબિર વિષે મારું મંતવ્ય

લેખક : નિલમ
અનુવાદક : તંત્રી

ઓગસ્ટ, ૯૯ માં પૂ. મા સર્વેશ્વરીએ કેલગરી, આલ્બર્ટામાં શિબિર યોજી.

આ શિબિરમાં ઓગસ્ટ ૨૪ થી ૨૭–છેલ્લા ચાર દિવસ હું જોડાઇ. શિબિરમાં થોડા દિવસોની જ ઉપસ્થિતિ છતાં મને ઘણું બધું શીખવાનું અને અનુભવવાનું મળ્યું. ટૂંકમાં હું તેની રજૂઆત કરીશ.

શિબિરમાં જોડાનાર દરેક વ્યક્તિએ મૌન રાખવાનો નિયમ લેવાનો ફરજીયાત હતો, તે ઉપરાંત વ્યક્તિ પોતાની પસંદગી પ્રમાણે મા ભગવતીના જપ, અમુક સંખ્યામાં પ્રણામ કે પુસ્તક વાંચન–વગેરેમાંથી ઠીક લાગે તે કરી શકે.

મૌનનો નિયમ પાળવો મુશ્કેલ હતો, છતાં તે લાભકારક જણાયો. મને વાણીનું મહત્ત્વ પહેલીવાર સમજાયું, છતાં આપણે તેને કેવી નિરર્થક વેડફી નાંખીએ છીએ! જરૂર પૂરતું ઓછું બોલવાની છૂટ હતી તેથી બોલતાં પહેલાં સાવધાનીપૂર્વક વિચારવું પડતું. જો કે આપણા દૈનિક જીવનમાં એ પ્રમાણે આચરવાની જરૂર છે, પણ આપણાથી તે આચરાતું નથી. બોલતાં પહેલાં વિચારવાનું શીખવાથી, આપણે આપણા વિચારોને આંશિક રીતે સંયમિત કરવાનું આપોઆપ શીખી જઇએ છીએ અને એથી બીનમહત્ત્વની બાબતોની ચર્ચામાંથી બચી જવા પામીને, માત્ર જરૂરપૂરતી મહત્ત્વની વાત જ કરીએ છીએ. આ નિયમ જીવન-ભર પાડવાની જરૂર છે, કારણ કે જીવનમાં બીન સાવધાનીપૂર્વક ઘણી વાતો બોલાઇ જતી હોય છે, જેને લીધે પાછળથી પશ્ચાત્તાપ થાય. કિન્તુ વિચાર કરીને બોલવાની ટેવ પાડવાથી, આવી પરિ-સ્થિતિમાંથી બચી જવાય છે.



ઘણા બધા લોકો શિબિરમાં જોડાયા અને દરેક વ્યક્તિએ પોતપોતાના અનુભવ પ્રમાણે એમાંથી સાર ગ્રહણ કર્યો. આ કેમ્પ-માં પૂ. માની તંદુરસ્તી વિષે તેઓના લોહીના રિપોર્ટો પરથી ઘણું જાણવાનું મળ્યું. હાલ પૂ. મા ઘણાં વર્ષોથી ઉપવાસો કરે છે–થોડું દૂધ અને ફળ સિવાય કશું ખાતાં નથી, જે ખૂબ જ અપૂરતું ગણાય.

આમ અલ્પ કે અપૂરતો પોષક ખોરાક લેવા છતાં, પૂ. માના લોહીની ચકાસણી એવું દર્શાવે છે કે તેઓ શિબિરના કેટલાક સાધકો કે જેઓ પૂરતો પોષક ખોરાક લે છે તેમ જ તેમના કરતાં વયમાં નાના અને ખૂબ તંદુરસ્ત છે.

તેમના કરતાં પૂ. માના લોહીના રક્તકણો તો આશ્ચર્ય પમાડે તેવા છે, અને અકસ્માત્ પછી પણ તેમના તે કણોનું પ્રમાણ માત્ર સાધારણ ફરક જ દર્શાવે છે. આથી મને લાગ્યું કે પૂ. મામાં એવું કંઇક છે જે તેમને તંદુરસ્ત અને ક્રિયાશીલ રહેવા માટેનાં જરૂરી પોષક તત્ત્વો પૂરાં પાડે છે.

રક્ષાબંધનનો દિવસ ખાસ ઉલ્લેખનીય બની ગયો. પૂ. માએ શિબિરમાં આવેલ દરેક બેનને શિબિરમાં જોડાયેલ દરેક ભાઇને રાખડી બાંધવા કહ્યું. એથી દરેક બેનને રાખડી બાંધવા ભાઇ મળી રહ્યો, તો ભાઇને બેન. દરેક માટે આ ખૂબ મહત્ત્વનું બની રહ્યું. મારી દૃષ્ટિએ પૂ. માએ દર્શાવ્યું કે આપણે સહુ કેવી રીતે એક

પરિવારનાં છીએ—પૂ. માના જ બાળકો અને પરસ્પર એક-બીજાનાં કોઇ ભાઇ તો કોઇ બેન. એક જ પરિવારનાં હોવાના તેથી દરેક વ્યક્તિને માથે એ જવાબદારી આવે છે કે આપણે પાત્ર હોઇએ તેના કરતાં વિશેષ માનથી પરસ્પર વર્તીએ. પૂ. મા તો આપણા બધાં કરતાં કેટલાંય ચઢિયાતાં છે અને દરેક રીતે સંપૂર્ણ છે. તેઓ આપણા આધ્યાત્મિક પથપ્રદર્શક હોવાને નાતે, જીવન દરમ્યાન અનેક ભૂલો કરેલાં પોતાનાં આ અપૂર્ણ બાળકોની ક્ષતિઓ માફ કરીને ચાહી શકે છે. જો તેઓ પોતાની સર્વોત્તમ ભૂમિકામાંથી નીચે આપણી કક્ષાએ ઉતરી આવીને આપણી ભૂલો માફ કરી શકતાં હોય, તો આપણે પરસ્પરની ભૂલો માફ કરવાનું એમાંથી શું ન શીખી શકીએ! ખાસ કરી આપણાં કુટુંબો માટે તે ખૂબ મહત્ત્વ ધરાવે છે, કારણ કે આપણી કુટુંબ પ્રથા તો આપણા સમાજ જીવનનો પાયો છે અને આપણે પૂ. માની જેમ માફ કરતાં શીખીને ભૂલોમાંથી પદાર્થપાઠ ગ્રહણ કરી, વિકાસ કરવો જોઇએ.

બીજી એક વાત મેં નોંધી તે એ છે કે પૂ. મા આપણ સહુનું કેવું ધ્યાન રાખે છે. તેઓના જીવનનો એક માત્ર ઉદ્દેશ પૃથ્વી પરના માનવોને સાચો રાહ બતાવવો અને ખોટા પ્રલોભનોથી બચી તેઓ તે માર્ગે ચાલે તે જોવાનો છે. બીજા સંતોની જેમ પૂ. મા પણ આપણે માટે ઘણું બધું કરે છે. તેઓ કદી વડીલની જેમ વર્તતાં નથી તેમ જ આપણી પાસેથી કોઇ ભૌતિક વસ્તુઓની અપેક્ષા રાખતાં નથી. હું માનું છું કે પૂ. માની ઇચ્છા અને સૂચના-ઓનું પાલન કરીને આપણે તેમને રાજી કરી શકીએ. તેઓને આટલું જ જોઇએ છે; જેથી આપણે શક્તિ પ્રાપ્ત કરીને જીવનમાં પરિવર્તન લાવી નવું વધારે ઉન્નત જીવન જીવતા થઇએ.

શિબિરમાં મંદિરને પૂ. માએ આપેલ સાડીઓથી શણ-



ગારવામાં આવ્યું હતું. આ સાડીઓ પૂ. મા ભારતમાં જરૂરિયાતવાળી દીકરીઓને તેમના ડ્રેસ બનાવવા આપી દેશે. આ જ દર્શાવે છે કે પૂ. મા કેવાં ઉદાર છે અને ગમે તેવી ભૌતિક વસ્તુ-ઓ પ્રત્યે તેઓને કોઇ લગાવ નથી.

જે થોડા દિવસો મેં પૂ. મા સાથે શિબિરમાં ગાળ્યા તે યાદ-ગાર બની ગયા. ને તેમાંથી મને ઘણું શીખવાનું મળ્યું. હું આશા રાખું કે આવી શિબિર ફરી યોજાય અને તેમાં હું થોડા વધુ દિવસો ભાગ લઇ શકું. હે મા, શિબિરના નિવાસ દરમ્યાન મારાથી કોઇ ભૂલો થઇ હોય તો ક્ષમા કરજો.

## શાન્તિ ક્યારે છવાય?

માનવ જ્યાંસુધી બાહ્ય પ્રકૃતિના પદાર્થો અથવા વિષયો તરફ ગતિશીલ બને છે અને જ્યાંસુધી મનનો અથવા પોતાની ઇન્દ્રિયો-નો વિજય કરતો નથી, જ્યાંસુધી પરમાત્માની સાથે અનુસંધાન સાધતો નથી, પરમાત્માની સાથે સંસર્ગ જોડતો નથી, ત્યાંસુધી એની અશાંતિ કાયમને માટે દૂર થઇ શકતી નથી. આ જ રાજ-માર્ગ છે. બીજો કોઇ માર્ગ જ નથી. અને આ પ્રમાણે કરવા માંડો, પરમાત્માની પ્રાર્થનાનો આધાર લેવા માંડો, જેવી રીતે લઇ શકો તેવી રીતે પણ લેવાનો આરંભ કરી દો. એ પ્રમાણે તમે જો પર-માત્માની સાથે અનુસંધાન સાધવાનો અભ્યાસક્રમ આરંભશો તો ધીરે ધીરે તમારી આત્મિક અશાંતિ આપોઆપ દૂર થતી જશે. આત્મિક અસંતોષનું શમન આપોઆપ થયા કરશે. પરમાત્માનું સામ્રાજ્ય છે એ સામ્રાજ્યને મેળવવા માટે તૈયારી કરો. ઇન્દ્રિયોને નાથવાની પ્રવૃત્તિ કરો તો તમારા જીવનમાં શાંતિ જરૂર છવાશે. યોગેશ્વરજી

# સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઇક ને કંઇક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

— ડૉ. બી. જે. જાગાણી)

**પ્રશ્ન** : આ જમાનામાં કોઇને ઈશ્વરનું દર્શન થઇ શકે ખરું?

**ઉત્તર** : ઈશ્વરનું દર્શન થઇ શકે છે. આ જમાનામાં પણ. તેમાં કોઇ કાળ, યુગ કે જમાનો આડે નથી આવતો.

**પ્રશ્ન** : પરંતુ આ તો ઘોર કલિકાળ છે!

**ઉત્તર** : તેથી શું થયું? બહાર ભલેને કલિકાળ હોય, તે કલિકાળ તમારા પોતાના મનમાં, અંતરમાં ને જીવનમાં છે કે નથી તે જ જોવાનું છે. તમારી અંદર જો કલિકાળના દોષો નહીં હોય તો તમારો રસ્તો સાફ થઇ રહેશે. આજના યુગમાં પણ તમે બને તેટલું પવિત્ર કે નિષ્કલંક જીવન જીવી શકો છો.

**પ્રશ્ન** : આવું જીવન જીવવાનું શું અઘરું નથી લાગતું?



**ઉત્તર** : અઘરું લાગે કે ના લાગે, પણ અશક્ય તો નથી જ. એટલે એમાં આશા રહેલી છે. વિરોધાભાસી વાતાવરણ અથવા આજુબાજુની પાર વિનાની પ્રતિકૂળ પરિસ્થિતિઓને લીધે એવું જીવન જીવવાનું જરા કઠિન લાગે એ સમજી શકાય એવું છે, તો પણ તેને માટે પ્રામાણિકપણે જેટલો બને તેટલો પ્રયત્ન તો કરી જ શકાય. આજ સુધી એવી રીતે અનેક પુરુષોએ પ્રયત્નો કર્યા છે ને તેમાં સંપૂર્ણ સફળતા મેળવી છે તેમ તમે પણ મેળવી શકો છો. વળી કલિયુગની એક બીજી વિશેષતા પણ છે. શાસ્ત્રો અને મહાપુરુષો સર્વસંમત સ્વરે જણાવે છે કે કલિયુગ જેવો યુગ બીજો કોઇ આવવાનો નથી. તેમાં જો જીવ ચાહે તો પોતાનું કલ્યાણ ઈશ્વરની કૃપાથી પરમપ્રસાદી મેળવીને થોડા જ વખતમાં કરી શકે છે. કલિયુગમાં દોષો કે દૂષણો વધારે હોય તો પણ તેમનામાંથી મુક્તિ મેળવવાની તકો પણ તેટલી વધારે છે. માટે દોષનો બધો જ ટોપલો તેના માથા પર નાંખી દઇને નિરાશ કે નાહિંમત બેસીને બેસી રહેવાની જરૂર જરાપણ નથી. તેમાંથી માર્ગ કાઢીને આગળ વધી શકાય છે. ને એ સિવાય બીજો કોઇ ઉપાય પણ ક્યાં છે? આપણો જમાનો ગમે તેટલો પ્રતિકૂળ હોય તો પણ તેની સાથે જ કામ લેવાનું છે. તેને પલટાવવાનો પ્રયત્ન જરૂર કરી શકાય, તેને સુધારવાની વ્યક્તિગત કે સમષ્ટિગત સાધના પણ કરી શકાય, પરંતુ એની અંદર રહીને શ્વાસ લીધા સિવાય છૂટકો નથી. એ શ્વાસ લેવાનું કામ આપણે માટે મારક ના થાય પણ તારક થાય તે દુઃખદાયક થવાને બદલે સુખકારક બની જાય એનું ધ્યાન રાખીએ તો નકામી અને વધારે પડતી ચિંતા કરવાનું કે ભય પામવાનું કોઇ કારણ નહીં રહે.

**પ્રશ્ન** : તમે જે કહો છો તે વાત લાગે છે તો સારી, તેને સાંભળવામાં આનંદ આવે છે એ પણ સાચું, પરંતુ વાસ્તવિકતાની

ધરતી પર પગ મૂકીએ છીએ ત્યારે જરાક નાહિંમત બની જઇએ છીએ.

ઉત્તર : નાહિંમત શા માટે બનવું જોઇએ?

પ્રશ્ન : વાતાવરણ એટલું બધું વિરોધી, વિપરીત અને વિષમય હોય છે કે નાહિંમત ના બનવું હોય તો પણ બનવું પડે. કેટલીકવાર તો એમાંથી માર્ગ કાઢવાનું જ મુશ્કેલ બની જાય.

ઉત્તર : તો પણ એને લીધે નાહિંમત બનવાનું બરાબર નથી. વિવેક હિંમત, ધીરજ, વારંવારના પ્રયત્નો ને પ્રાર્થનાદ્વારા એમાંથી શાંતિપૂર્વક માર્ગ કાઢવાનો પ્રયાસ કરો તો છેવટે વહેલા કે મોડા, ઓછા કે વત્તા પ્રમાણમાં સફળ થશો. આજ સુધી તમારા જેવા કેટલાય સાધકોએ એવી રીતે સફળતા મેળવી છે.

પ્રશ્ન : ઈશ્વરદર્શન કરી ચૂકેલા કોઇ પુરુષો અત્યારે હયાત હશે ખરા?

ઉત્તર : છે.

પ્રશ્ન : તેમના દર્શન—સમાગમનો લાભ અમારા જેવા માણસોને મળી શકે?

ઉત્તર : શા માટે ના મળી શકે? સૌ કોઇને મળી શકે.

પ્રશ્ન : તેને માટે મુખ્યત્વે શું કરવું જોઇએ?

ઉત્તર : તેમને મળવાની ને તેમનો લાભ ઊઠાવવાની ઉત્કટ ઇચ્છા સેવવી જોઇએ. તે ઇચ્છાની પૂર્તિને માટે ઈશ્વરને સાચા દિલથી પ્રાર્થના પણ કરવી જોઇએ.

પ્રશ્ન : તે ઉપરાંત બીજું કાંઇ?



ઉત્તર : એટલું પૂરતું છે. પરંતુ એક વાત ખાસ યાદ રાખવાની છે કે તેવા પુરુષો તમને મળે કે ના મળે તો પણ તેમની રાહ જોઇને બેસી રહેવાને બદલે તમારી જાતનું ઘડતર કરીને તમારે પોતે ઈશ્વરની વધારે ને વધારે પાસે પહોંચવાને માટે પ્રયાસ કરવો જોઇએ. તમે જે સ્વસ્થતા ને શાંતિની અભિલાષા રાખો છો તે સ્વસ્થતા ને શાંતિ તમને ત્યારે જ અથવા તેવી રીતે જ મળી શકશે. મહાપુરુષોના દર્શન—સમાગમનો લાભ મેળવીને પણ છેવટે તો તમારે તમારી જાતનો વિકાસ જ સાધવાનો છે.

પ્રશ્ન : એવા ઈશ્વરદર્શી, ઈશ્વરના કૃપાપાત્ર મહાપુરુષો આપણી ઉપર કૃપા કરીને આપણે જે ઇચ્છીએ તે બધું આપી ના દે? એ આપણને ઈશ્વરનું દર્શન કે સમાધિની પ્રાપ્તિ ના કરાવે?

ઉત્તર : એમણે એવું શા માટે કરવું જોઇએ?

પ્રશ્ન : આપણી ઉપર કૃપા કરવા?

ઉત્તર : પરંતુ એવી કૃપા એ શા માટે કરે? એમને એવી કૃપા કરવા પ્રેરિત કરવા માટે તમારી અંદર કશીક યોગ્યતા તો જોઇએ ને!

પ્રશ્ન : રામકૃષ્ણ પરમહંસદેવે વિવેકાનંદ પર કૃપા કરીને એમને જગદંબાનું દર્શન નહોતું કરાવ્યું? અને સમાધિ અવસ્થાનો અલૌકિક અનુભવ પણ નહોતો આપ્યો? એવી રીતે એવા મહાપુરુષ આપણા મસ્તક પર હાથ મૂકે તો બેડો પાર થઇ જાય. દર્શન થાય, સમાધિ મળી જાય અને જુદી જુદી સિદ્ધિઓ પણ સાંપડી જાય. પછી સાધનાની કશી કડાકૂટ જ ના રહે. સીધા જ સાતમી ભૂમિકાએ પહોંચી જવાય.

ઉત્તર : પરંતુ એવા કાંઇક પ્રતાપી દૈવી મહાપુરુષ તમને મળે

ને તમારા મસ્તક પર હાથ મૂકે ત્યારે ને? તમે એવા મહાપુરુષની માહિતી એટલા માટે જ મેળવવા માગતા લાગો છો. પરંતુ તમારી યોગ્યતા વગર એ કેવી રીતે મળશે? ને ધારો કે મળશે તો પણ મદદ કરવા તૈયાર થશે એવું થોડું છે? એ તમારા મસ્તક ઉપર હાથ મૂકશે તો તમને સમાધિ થશે અને એ સમાધિને તમે જીરવી શકશો એવું પણ ના માની લેતા. તમે વિવેકાનંદની ને રામકૃષ્ણદેવની વાત કરી પરંતુ વિવેકાનંદ પર રામકૃષ્ણદેવની એટલી બધી કૃપા શા માટે થઇ શકી તે તો વિચારો. વિવેકાનંદની યોગ્યતા કેટલી બધી વિરાટ હતી? એમના પૂર્વજન્મના ને ચાલુ જન્મના સંસ્કારો કેટલા બધા મહાન હતા? રામકૃષ્ણદેવે એમને માટે કેવા સુંદર સારવાહી શબ્દો ઉચ્ચારેલા? માટે જ એમણે કૃપા કરીને વિવેકાનંદ એ કૃપા જીરવી શક્યા. પરંતુ રામકૃષ્ણદેવના બીજા ભક્ત મધુરબાબુનું શું થયું? રામકૃષ્ણદેવે એમની પ્રાર્થનાથી એમને હાથ મૂક્યો તો એ સહન ના કરી શકવાથી બૂમ પાડી ઊઠયા. માટે કશું જ લેશ પણ પ્રયત્ન કર્યા વિના થોડાક પણ અધિકારને તૈયાર કર્યા વિના, એમને એમ મેળવવાની લાલસા ના રાખો. એવી લાલસા રાખવાને બદલે વધારે ને વધારે યોગ્યતાને તૈયાર કરો એ જ સારું છે.

O



# SARWESHWARI–MAA, MY MOTHER

**Pooja Bharat Trivedi**

Miss Pooja is a young girl of 19, studying in second year B.Com. she is smart and smiling but naughty and humourous. she loves Maa immensely and Maa too does the same. Here are some thoughts and emotions expressed by her in words, which represent the feelings of many of her age, who do feel but fail to express.

**[Editor]**

Maa is simple but complex, she is loving but strict. She is a perfect blend of love, sympathy, discipline, compassion. Maa has distributed her love to everyone. Everyone feels that she is mine.

Maa's greatness is boundless. It was like a horizon, as and when we try to find our destination it goes higher, it is unreachable and unachievable. Maa for me, is a source of inspiration and energy. There is a continuos flow of love from her eyes.

Maa is a divine soul. She is my mother because she detects my each and every emotions. She is my friend as she is there with me for all the time, in the shadows and sunshine. She accepts me as I am. She is a philosopher as she helps me to under- stand myself. She is my guide as she directs me the correct path of the life. Maa moulds each and everyone of us in such a beautiful manner that we can shine out as proud Pujya Shree's children.

Maa's dedication and devotion towards Pujya Shree, her flexibility and adaptability to accept things, helps us to cover our principles.

We like Maa because she is an allrounder. She is a versatile actress. She plays the role of a mother, father, friend & Guru perfectly. She resides in my heart and she speaks with me.

Maa speaks a special language of love, which connects me with her and seduces the whole world. My love for Maa and Maa's love for me is an undestroyable bond which connects us. It is endless like an ocean has high tides and low tides, and low tides, we



both also have separation and fun. Maa, I plead that in the ocean of your love please make me the permanent wave. Maa protects us from harsh rays of struggle and soothes us with the melody of love.

Maa in me and me in Maa is the last destination, which we all should struggle for, not only Maa has reached to the pedestal of sadhana but all other aspects such as particularity, punctuality, perfection are to be learned.

What we cannot learn from books we can learn from Maa, as she practically implements the golden sayings of life.

Maa, I always pray to you that be with me in the critical time and fun times. Be my shadow and watch me, stop me from the antisocial things. Make me do the things which you like.

# મારાં પૂ. મા સર્વેશ્વરી

લેખક : પૂજા ભરતકુમાર ત્રિવેદી
અનુવાદ : તંત્રી

[કુ. પૂજા ત્રિવેદી, ૧૯ વર્ષની બી. કોમના બીજા વર્ષમાં ભણે છે તે ચપળ અને હસમુખી છે તો સાથે સાથે નટખટ અને વિનોદી છે. અહીં તેણે જે વિચારો ને ભાવો પૂ. મા વિષે રજૂ કર્યા છે તે તેની ઉમ્મરની ઘણી બેનોના ભાવોનું પ્રતિનિધિત્વ કરે છે. કિન્તુ તેઓની પાસે રજૂ કરવા માટે એવી ભાષા નથી. — તંત્રી]

પૂ. મા સરળ છે કિન્તુ કદીક ન સમજાય તેવાં પણ છે. તેઓ પ્રેમાળ છતાં કદીક કઠોર થઇ શકે છે. અરે, તેઓ પ્રેમ, સહાનુભૂતિ, શિસ્ત અને કરુણાના પૂર્ણ સંમિશ્રણ જેવાં છે. પૂ. મા સહુને પોતાનો પ્રેમ વહેંચતાં જ રહે છે, જેથી દરેકને એવું લાગે છે કે પૂ. મા મારાં જ છે.

પૂ. માની મહાનતાને કોઇ સીમા નથી. એ તો પેલી ક્ષિતિજ જેવાં છે કે જેમ જેમ તમે ઊંચે ચઢતા જાઓ, તેમ તેમ તે વધુ ને વધુ ઊંચે જતા લક્ષ્યના જેમ જેને કદી પહોંચાય કે પ્રાપ્ત ન કરી શકાય તેવાં છે. પૂ. મા મારા માટે પ્રેરણા અને શક્તિના સ્રોત જેવાં છે. તેઓનાં નેત્રોમાંથી સતત પ્રેમની અમી વર્ષા થતી રહે છે.

પૂ. મા એક દિવ્ય આત્મા છે. તેઓ મારી મા હોવાને નાતે મારી એકે એક ઊર્મિને ચકાસતાં રહે છે. તેઓ મારાં મિત્ર હોવાને લીધે સદૈવ મારા સુખમાં કે મારા દુઃખમાં મારી સાથે રહે છે. હું જેવી છું તેવીનો પૂ. મા સ્વીકાર કરે છે. તેઓ મારાં



પથપ્રદર્શક છે કારણકે મારી જાતને ઓળખવામાં મને મદદ કરતાં રહે છે. પૂ. મા અમારામાંના દરેકનું એવું સરસ ઘડતર કરી રહ્યાં છે કે જેથી અમે પૂજ્ય ગુરુદેવનાં ગૌરવશાળી બાળકો તરીકે દીપી ઊઠીએ.

પૂ. માની પૂ. ગુરુદેવ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિ, અજોડ છે, વસ્તુઓના સ્વીકાર માટેની પૂ. માની અહઠાગ્રહીતા અને સ્વીકારીતા આપણને આપણા સિદ્ધાંતોના આચરણમાં મદદરૂપ થાય છે.

પૂ. મા આપણને ગમે છે કારણ કે તેઓ સર્વ બાબતોનાં નિષ્ણાત છે. તેઓ ઉત્કૃષ્ટ અભિનેત્રી જેવાં છે—જેથી તેઓ માતા, પિતા, મિત્ર અને ગુરુની ભૂમિકા સર્વોત્કૃષ્ટ રીતે અદા કરી શકે છે. તેઓ મારા હૃદયમાં રહી મારી સાથે બોલતાં રહે છે.

પૂ. માની એક ખાસ પ્રકારની પ્રેમની ભાષા છે, જે મને તેમની સાથે જોડે છે ને બાકીની બધી દુનિયાને ભૂલાવી દે છે મારો પૂ. મા માટેનો અને તેઓનો મારા માટેનો પ્રેમ એ કદી ના તૂટે તેવા પ્રેમની પરસ્પરને સાંકળતી કડી છે. અમારો પ્રેમ સાગર જેવો વિશાળ છે, તેમાં કદીક ભરતી અને ઓટ થતાં રહે છે. તેમાં મિલન અને જુદાઇની ઘટનાઓ ઘટતી રહે છે. હે મા, મારી પ્રાર્થના છે કે આપના પ્રેમના સાગરનું મને એક સ્થાયી મોજુ જ બનાવી દો તો કેવું સારું! જીવનના સંઘર્ષમાં કઠોર પરિતાપોથી મા મારી રક્ષા કરે છે અને પ્રેમના અમૃતથી શીતળતા બક્ષે છે.

હું 'મા'મય અને મા મારામય થઇ જાય એ આપણું અંતિમ લક્ષ હોવું જોઇએ. તે માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ. પૂ. માએ માત્ર સાધનાનાં સર્વોત્તમ શિખરો સર કર્યાં છે એવું નથી, પણ

તેઓ પાસેથી ચોકસાઇ, નિયમિતતા અને પૂર્ણતા પણ આપણે શીખવાનાં છે.

પુસ્તકોમાંથી આપણે જે જ્ઞાન મેળવી શકતા નથી, તે પૂ. મા પાસેથી પ્રાપ્ત કરી શકીએ છીએ, કારણ કે જીવન જીવવાનાં જે સોનેરી સૂત્રો છે તેનો જ પૂ. માએ જીવનમાં ખાસ અમલ કરેલ છે. હે મા, મારા જીવનની આનંદની અને વિષાદની ક્ષણોમાં તમે હંમેશ મારી સાથે રહેજો. પડછાયારૂપ બની મારું નીરીક્ષણ કરતાં રહેજો. ને ખોટાં કામો કરતા મને અટકાવી મારી રક્ષા કરજો. હું આપને ગમતાં કામો જ કરતી રહું એવી મને બનાવજો.

प्रतिश्वासे सविश्वासं, रामं स्मर दिने दिने।
पुनः श्वासे न विश्वासं, आगमिष्यति वा न वा॥

ફરી શ્વાસ લેવાનો થશે તેનો કોઇ વિશ્વાસ નથી, તે આવે કે ન પણ આવે. તેથી પ્રતિદિન પ્રતિશ્વાસે શ્રદ્ધા–વિશ્વાસપૂર્વક રામનું સ્મરણ કર.



# ગીતાદર્શન

યોગેશ્વરજી

ગીતાનું સંગીત એ શબ્દો સાંભળતાવેંત કોઇ જિજ્ઞાસુ અજબ ભાવ અનુભવતાં બોલી ઊઠશે કે શું સંગીત? ને તે પણ ગીતાનું? સંગીત તો વીણાનું હોય, વાંસળીનું હોય, બીજા વાજીંત્રોનું પણ હોય. ગીતા તો એક ગ્રંથ છે. તેનું વળી સંગીત કેવું? આપણે કહીશું, ભાઇ, ગીતાનું પણ સંગીત છે. તેને સાંભળવાની શક્તિ તો મેળવો. પછી તે સંગીતનો સ્વાદ પણ લઇ શકશો. તે સંગીતના બજવૈયા કે સ્વરકાર ભગવાન શ્રીકૃષ્ણ છે. સંગીતની કળામાં તે ખૂબ જ કુશળ છે. તેમની વાંસળીનો સ્વાદ તો જેણે માણ્યો હોય તે જ જાણે. કહે છે કે ભલભલા સમાધિનિષ્ઠ મુનિવરોનાં મન પણ તેના પ્રભાવથી ડોલી ઊઠે છે ને પ્રેમથી દ્રવે છે. ભલભલા તપસ્વી પણ તેના રસથી રંગાઇને મંત્રમુગ્ધ બની જાય છે. એ તો ઠીક, પણ ગોકુલ ને વૃંદાવનની ગાયો પણ તેના અમૃતમય ને દેવોને પણ દુર્લભ એવા રસાસ્વાદથી જાણે કે સમાધિસ્થ થઇને ઊભી રહે છે, ને પશુપક્ષી તથા વનસ્પતિ પણ તેથી નવજીવન અનુભવે છે. વાંસળી બધાની અંદર જડ કે ચેતનમાં, બધે જ પ્રાણસંચાર કરે છે.

વૃંદાવનની પુણ્યભૂમિમાં પૂર્ણિમાની સુંદર રાતે અચાનક વાંસળી વાગી, તેના પરિણામે ગોપી જાગી, ને પછી તો સંસારને માટે એક મહાન સ્મૃતિરૂપ એવો રાસ રચાયો. વાંસળીના અમૃત-મય આલાપથી મુગ્ધ બનેલી ગોપી વધારે મુગ્ધ બની, ને પોતાના પ્રિયતમ પ્રાણથી પણ પ્રિય ભગવાન શ્રીકૃષ્ણની સાથે એકતાનો

આનંદ અનુભવી રહી. ધન્ય એ વ્રજ, ધન્ય એ કૃષ્ણ ને ગોપી ને સૌનાય હૃદયતારને સાંધીને એક કરનારી ધન્ય એ વાંસળી! પણ કૃષ્ણની એ વાંસળી કૃષ્ણના હૃદયમાં જ સમાઇ ગઇ. કૃષ્ણના પ્રેમ ને જ્ઞાનની એ તો મૂર્તિ હતી. છતાં કૃષ્ણના વાંસળી વગાડનાર ઉસ્તાદ કે સંગીતકારનો સ્વભાવ મટયો નહિ.

કૃષ્ણનો બાલપણનો રસ કેવી રીતે મટી શકે? વર્ષો વીતી ગયાં. વૃંદાવનની શરદપૂર્ણિમાની રાસલીલા એક ભૂતકાળની સ્મૃતિ બની ગઇ, ને સ્વયં શ્રીકૃષ્ણ પણ એક મહાપુરુષ બની ગયા, ત્યારે કુરુક્ષેત્રની પુણ્યભૂમિમાં પણ ફરી પાછો રાસ રચાયો. પણ એ રાસ જ્ઞાનનો હતો. ગોપીઓની જેમ જ ભગવાન તેનું પણ રક્ષણ કરવા તત્પર હતા. ગોપીઓની સાથે ભગવાને જેમ ગુહ્યાતિગુહ્ય લીલા કરી હતી, તેમ અર્જુનની સાથે પણ ગુહ્યતમ જ્ઞાન આપવાની લીલા કરી. જ્ઞાનનો એ અદ્‌ભુત ને અલૌકિક તથા અભૂતપૂર્વ રાસ કોઇ એકાંત કુંજનિકુંજમાં નહીં, પણ ભીષણ યુદ્ધને માટે સજ્જ થઇને ઊભેલા લાખો શૂરવીરોની વચ્ચે રણ-મેદાનમાં રચાયો હતો.

તેના પ્રભાવથી ગોપીઓની જેમ અર્જુનના પણ બધા સંશય છેદાઇ ગયા ને તેને શાંતિ મળી. પેલી વાંસળીએ ગોપીને મુગ્ધ કરી હતી, તો આ ચૈતન્યમયી જ્ઞાનવાંસળી ગીતા વાંચવાવિચારવા-થી સૌ કોઇને મુગ્ધ કરે છે, ને પ્રેમ તથા શાંતિથી તરબોળ કરી દે છે. જડ ને મલવત્ થયેલાને જ નહીં, જ્ઞાનીને પણ જીવન આપે છે. કુરુક્ષેત્રની ભૂમિમાં કૃષ્ણ ને અર્જુન બંનેની વૃત્તિઓનો શરૂ-આતમાં રાસ રમાયો, ને તેના રહસ્યનો છેવટે શબ્દમાં અવતાર થયો. વેદની ઋચા જેવા સૂર વાંસળીમાંથી વહેતા હતા, તે જ જાણે વધારે સ્પષ્ટ, સ્થૂલ ને સાકાર બનીને વહેવા માંડયા. તે



જગતના પ્રેમદેવતા ને ગોપીઓના પ્રાણાધાર હતા, તે એક બીજા નવા અભિનયમાં જગતના ગુરુ થયા, ને અર્જુનના પ્રકાશદાતા બની ગયા! શ્રીકૃષ્ણની આંતરવાંસળીનું એ સંગીત સાંભળીને અર્જુનને તો આનંદ થયો જ છે, પણ યુદ્ધભૂમિથી દૂર–ખૂબ જ દૂર બેઠેલા સંજયને પણ આનંદ થયો છે, ને તે પણ ફરી ફરી આનંદ આપે છે. કૃષ્ણ ને અર્જુન તથા કુરુક્ષેત્રની ભૂમિથી દૂર બેઠેલા ને મહાભારતકાળથી દૂર અતીતકાળમાં આવી પડેલા આપણને પણ શું એવો જ આનંદ નથી થતો?

મહર્ષિ વ્યાસનો ઉપકાર માનો કે એ શબ્દસંગીત સાંભળવાનું આપણને સદ્‌ભાગ્ય મળે છે. માનવજાતિ એમની ઋણી છે. તેમણે જ ગીતાના છૂટા પડેલા સ્વરને ભેગા કર્યાં છે. અથવા કહો કે છૂટા પડેલા સ્વરને ભેગા કર્યાં છે. અથવા કહો કે છૂટાં પડેલાં ફૂલ ને એક કુશળ માળાની જેમ તેમણે ભેગાં કર્યાં છે, ને સર્વસામાન્ય સૂત્રમાં ગૂંથી લીધાં છે. આવી ઉત્તમોત્તમ માળાનું દાન કરીને તે મહાનમાં મહાન દાનેશ્વરી બની ગયા છે. ગીતાનો ગ્રંથ કહીએ તો પણ તે એક સંગીતમય ગ્રંથ છે એમાં શંકા નથી. તેના પ્રત્યેક વિચાર ને શબ્દેશબ્દમાં સંગીત છે.

ગીતાની આ જ્ઞાનગંગા કેવી મધુર રીતે વહી રહી છે! આવો, એના અમૃતને અંજલિ ભરી ચાખીએ ને કૃતાર્થ થઇએ. ગીતાના સંગીતના સુંદર સ્વર સાંભળીએ. એથી બધાં દુઃખ ટળી જશે, ને આનંદ આનંદ થઇ રહેશે. ગીતાનો રસ અક્ષય છે. નદીના નીર ચોમાસામાં ભરાય ને ઉનાળામાં પાછાં સૂકાઇ જાય, કૂવા પણ વખત પર ભરાય ને પાછા ખાલી થાય, તળાવ પણ રસ ને કસ વિનાનાં બની જાય, પણ ગીતાનો અમૃતરસ કદી પણ નહીં સૂકાય, નહીં ઘટે કે ખાલી પણ નહીં થાય.

કરોડો લોકો હજારો વરસોથી તે રસનું પાન કર્યા કરે છે, ને

હજી પણ પાન કર્યા કરશે, છતાં તેનો સ્વાદ ઓછો નહીં થાય, તે પર નિયમન કે પ્રતિબંધ મૂકવાનો વખત નહીં આવે, ને તેની તરફ અરુચિ પણ નહીં થાય. એકની એક વસ્તુ રોજ રોજ વાપરવાથી તેનું આકર્ષણ ઓછું થાય છે એમ કહેવાય છે. પણ ગીતાના સંબંધમાં તે સાચું નથી. પેલા સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે સોનાને ફરી ફરી તપાવવાથી તેની કાંતિમાં વધારો થતો જાય છે, તથા ચંદનને પણ વધારે ને વધારે ઘસવાથી તેની સુવાસ વધતી જાય છે. કેટલાક વાચનમનન વારંવાર કરવાથી તેના રસમાં વધારો થતો જાય છે. કેટલાક માણસોના સંબંધમાં કહેવાય છે કે તે શરૂઆતમાં ભૂખ્યા જ ના હોય. પણ તેમને આગ્રહ કરીને જમવા બેસાડો એટલે તેમની ભૂખ ઊઘડતી જાય છે, ને ભોજનના આસન પરથી તેમને ઊઠાડવાનું કામ પણ પછી તો કઠિન થઇ પડે છે. તે માટે કેટલાય ઉપાયો કરવા પડે છે. તે પ્રમાણે અરુચિ-વાળા માણસે પણ એકવાર જ્યાં ગીતાના અમૃતરસનો સ્વાદ લીધો, ત્યાં તેને એવો ચસકો લાગવા માંડે છે, રસની એવી તો અદમ્ય ભૂખ લાગવા માંડે છે કે તેને તૃપ્ત કરવાનું કામ ખૂબ જ મુશ્કેલ થઇ પડે. પછી તો ગીતાનો પરમ પ્રેમી થઇ જાય છે. ગીતાના નિરંતર અભ્યાસથી તેના રસમાં વધારો થતો જાય છે. છેવટે તેની રસાસ્વાદની ઇચ્છા શમી જાય, ને તેની તરસ કે ભૂખ પણ શાંત થઇ જાય, પણ ગીતાનો રસ ખૂટતો નથી.

ગીતાનું અક્ષયપાત્ર તો એવું ને એવું જ ભરેલું રહે છે. ખાબોચિયાં ને નાની નદી જલદી સૂકાઇ જાય છે, પણ ગંગા સદાય ભરેલી જ રહે છે. ઉનાળાની સખત ગરમીમાં પણ તેનું પાણી તન, મન અને અંતરને શીતળ કરે છે, ને ટાઢું હીમ જેવું થઇને વહ્યા કરે છે. યુગોથી પૃથ્વીના પ્રવાસે નીકળેલો તેનો પ્રવાહ કદી ખૂટતો કે થાકતો જ નથી. ગીતાની અમૃતગંગા પણ એવી



જ અવિનાશી છે. ગંગાની જેમ તે પણ પતિતપાવની છે. કોઇ પણ સ્થળે ને કોઇયે કાળે માણસને તે શાંતિ આપી શકે છે. આનું નામ અમરતા.

ગીતા અમરતાની મૂર્તિ છે. સંસારમાં બે પ્રકારનું સાહિત્ય છે. એક તો ક્ષણજીવી સાહિત્ય ને બીજું સર્વકાલીન કે સનાતન સાહિત્ય. ક્ષણજીવી સાહિત્ય અમુક સમય પૂરતું જ પ્રકાશ આપે છે. બધા સમયને માટે તે પ્રેરણા નથી આપી શકતું. પરંતુ સનાતન સાહિત્ય ગઇકાલે, આજે, કાલે ને બધા જ સમય માટે પ્રેરણા આપનારું છે. જ્યાં સુધી માનવજાતિ જીવે ત્યાં સુધી તેને અસર કરનારું છે. ગીતાનું સાહિત્ય આવું સનાતન છે. માનવજાતિ તેમાંથી કોઇ પણ કાળે પ્રેરણા કે પ્રકાશ પામી શકે તેમ છે. ને એમાં આશ્ચર્ય પણ શું છે? પ્રભુ પોતે શાશ્વત છે તેમને જરા, વ્યાધિ કે મૃત્યુ નથી. તો પછી તેમની વાણીને પણ જરા, વ્યાધિ ને મૃત્યુ કેવી રીતે હોઇ શકે?

ગીતા તેમની જ વાણી છે. વળી પ્રભુના પ્રેમી ભક્ત વ્યાસે તેની રચના કરી છે. જેવા પ્રભુ તેવા તેમના ભક્ત ને તેમની વાણી-મય રચના પણ તેવી જ સનાતન હોય એ સમજી શકાય તેમ છે. જ્ઞાનનો શુદ્ધ અર્ક તેમણે ગીતાના રૂપમાં રજૂ કરી દીધો છે.

ગીતાનું જ્ઞાન નવનીત જેવું છે. ઉપનિષદ્ ને વેદના વિશાળ જંગલમાં ફરીને કોઇ કુશળ વૈદ્ય અનેક પ્રકારની ઉપયોગી ઔષધિઓ એકઠી કરે, ને પછી લોકોના હિત માટે તેમનો રસ કાઢી રાખે, તેમ વ્યાસે કરી રાખ્યું છે. સંસારના જન્મમરણના મહાન રોગ ને બીજાં જડ ઘાલીને બેઠેલા દર્દોને માટે વ્યાસની આ દવા ખૂબ જ અકસીર છે. ગીતાને વ્યાસની બુદ્ધિનો નીચોડ કહી શકાય.

(ક્રમશઃ)

सत्यमेव जयते

## ભારતના ગણતંત્રની સુવર્ણ જયંતી : ૧૯૫૦-૨૦૦૦

વંદે માતરમ્

**સમૃદ્ધ, સંસ્કારી, સમરસ ગુજરાતનું નિર્માણ કરીએ**
**વૈશ્વિક ગુજરાત માટે સંકલ્પબદ્ધ રહીએ.**

- કેશુભાઈ પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત

દીપાવીએ રાષ્ટ્રપ્રેમીઓનાં બલિદાન
મહામૂલું છે સ્વતંત્ર-ગણતંત્રનું વરદાન

રાષ્ટ્રના ખમીરને કરીએ ઉજાગર
સ્વદેશાભિમાન એ જ સ્વતંત્રતાની ધરોહર

રાષ્ટ્ર વિકાસ અર્થે એક જ અભિગમ
સતત અને સાર્થક પરિશ્રમ

આધુનિક યુગમાં કરીએ પ્રગતિ
પામીએ સુનિશ્ચિત ભાવિની પ્રતીતિ

કરીએ શહીદોનું સાચું તર્પણ
લઈએ સમાજસેવા-રાષ્ટ્રસેવાનું પ્રણ

સમર્થ રાષ્ટ્રનો સક્ષમ પાયો
પ્રામાણિક અને નિષ્ઠાવાન નાગરિક

સ્વચ્છતા ત્યાં સ્વસ્થતા
પર્યાવરણનું જતન ત્યાં સમૃદ્ધિનું વચન

સબળ રાષ્ટ્રનું કરીએ ઘડતર
ત્યાગીએ કુરિવાજોનાં નડતર

નવા યુગનું લક્ષ્ય વ્યસનમુક્તિ
જગાવીએ પ્રચંડ યુવાશક્તિ

જે રાષ્ટ્રની પ્રજા સજાગ
વિશ્વમાં ગૂંજે એનો અવાજ

માહિતી-૨૦૦૦


## * જીવન સુધારના પરિબળો *

જીવન સુધારનું પ્રમુખ પરિબળ માનવનું મન છે. એની મદદ મેળવીને માનવ ઉત્તરોત્તર આગળ વધી શકે છે. અને જીવનના ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક વિકાસશિખર પર આરૂઢ થાય છે. મન જો ઉત્તમ પ્રકારના વિચારો અને ભાવોથી ભરપૂર, મક્કમ તથા મજબૂત હોય તો જીવનના સુધાર અને વિકાસની દિશામાં ચમત્કારોનું સર્જન કરે છે. એથી ઊલટું જો મન વિકૃત વિચારો, ભાવો અને સંકલ્પોથી સંપન્ન બને તેમ જ ચંચળ અને નિર્બળ થાય તો જીવનમાં વિકૃતિ લાગે છે, અને જીવન, વિકાસની દિશામાં સાધક બનવાને બદલે બાધક બને છે. જીવન સુધારનાં બીજાં પરિબળોમાં માનવી-નું પોતાનું વ્યક્તિગત ગૃહજીવન, એની આજુબાજુનું વાતા-વરણ, એની સામાજિક અથવા આર્થિક પરિસ્થિતિ અને એના જન્મજાત વારસાગત સંસ્કારોનો સમાવેશ થાય છે. એ પરિબળોનો પ્રભાવ એના જીવનના સુધાર તથા વિકાસ પર પડતો હોય છે. આ પરિબળો અલ્પ અસર પાડે છે જ્યારે મહત્ત્વની અસર તો મનની જ હોય છે. મનનો પ્રભાવ સૌથી વધારે પડે છે. શાંતિ, અશાંતિ, સ્થિરતા, અસ્થિરતા, પ્રસન્નતા, અપ્રસન્નતા, સુખાકારી, દુઃખ, મુક્તિ, બદ્ધાવસ્થા, પૂર્ણતા અને અપૂર્ણતાનું કારણ મન જ છે. મનને ઉત્તમ બનાવવા સ્વાનુભવ સંપન્ન, સત્પુરુષોના ને સદ્ગ્રંથોના સત્સંગનો લાભ લેવો જોઈએ, આત્મનિરીક્ષણનો આધાર લેવો જોઈએ, પ્રાર્થના, નામજપની મદદ મેળવવી જોઈએ. ધ્યાન અને જ્ઞાનનો આધાર પણ લેવો જોઈએ.

યોગેશ્વરજી

# * આત્મદર્શીની ઓળખ *

આત્મદર્શનનો અનુભવ સ્વાનુભવનો વિષય છે. તે અનુભવ જેણે કર્યો હોય તે જ સમજી શકે છે. સાકરનો સ્વાદ જેણે માણ્યો હોય તે જ જાણે છે. શાસ્ત્રોમાં આત્મદર્શી પુરુષો વિશે કેટલુંક વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણનના આધાર પર નક્કી કરી શકાય છે કે કોઈને એવું દર્શન થયું છે કે નહીં. આવા મહાપુરુષો ઊંડી શાંતિથી સંપન્ન હોય છે. એમના પોતાના અંતરમાંથી અવર્ણનીય અનંત આનંદની અખંડ અનુભૂતિ થતી હોય છે. એ સંસારના બહારના વાતાવરણથી અથવા સંજોગોથી ચલાયમાન થતાં નથી. સર્વત્ર પરમાત્માનું દર્શન કર્યા કરે છે. એના પરીણામે સૌ પ્રત્યે પ્રેમ રાખે છે. એ ભય, ચિંતા, શોક અને ક્લેશથી મુક્ત હોય છે. આવા પુરુષો કોઈ ચોક્કસ કાળના અથવા દેશવિદેશના બાહ્યબંધનમાં બંધાયેલા હોતા નથી. એ દેશ તથા કાળથી અતીત હોય છે. વર્તમાનકાળમાં કે બીજા કોઈ પણ કાળમાં એમનું દર્શન થઈ શકે છે. આવા મહાપુરુષોના દર્શન માટે ઉત્કટ ઈચ્છા હોય તો દર્શન આપે છે. નિયમિત રીતે પ્રેમપૂર્વક સતત પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે એમના દૈવીદર્શનનો દેવદુર્લભ લાભ મળી રહે છે. એમની સહાયતા પણ સાંપડે છે. રામકૃષ્ણદેવની કૃપા પામેલા શિષ્ય નાગમહાશયને ઘેર સંતોના દર્શનની ઉત્કટ ઈચ્છા થવાથી ઉત્તમપ્રકારના સંતો આપોઆપ આવવા લાગ્યા. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું કે, સમસ્ત જગતમાં ફર્યો પણ નાગમહાશય જેવો પવિત્ર સાધુપુરુષ બીજો જોયો નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.